સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

**WEEK 14**

[28/03/21 to 03/04/21]

**સંપાદક**
**મૌલિક ગોંધિયા**
(Director - ICE)




**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.**

**JOIN OUR WHATSAPP GROUP**
joinicerajkot.com


CONTACT US :
93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

**28 MAR-2021**

- CSIR- NIO દ્વારા હિંદ મહાસાગરમાં 'TraceBioMe Project' લોન્ચ ........ 02
- ભારતનો પ્રથમ સ્વદેશી રીતે વિકસિત 'મોબાઈલ સેવા એપ સ્ટોર' ........ 03
- QUESTION ANSWERS ........ 05

**29 MAR-2021**

- 66મો ફિલ્મફેર એવોર્ડ 2021 ........ 06
- સર્ક્યુલર અર્થવ્યવસ્થાના વિકાસ માટે દેશમાં 11 સમિતિઓની રચના ........ 07
- NDHM સેન્ડબોક્સ એન્વાયર્નમેન્ટ ........ 08
- QUESTION ANSWERS ........ 10

**30 MAR-2021**

- ભારત ડાયનામિક્સ લિમિટેડ ભારતીય સેનાને 4,960 મિલાન-2T એન્ટિ-ટેન્ક ગાઈડેડ મિસાઈલ્સ સપ્લાય કરશે ........ 11
- ગ્રામ્ય વિસ્તારો માટે ગ્રામ ઉજાલા યોજના લોન્ચ ........ 12
- QUESTION ANSWERS ........ 14

**31 MAR-2021**

- દિવસ મહિમા : 31 માર્ચ, World Backup Day ........ 15
- કેન-બેતવા રિવર લિંક પ્રોજેક્ટ : ભારતનો નદીઓ માટેનો પ્રથમ આંતરજોડાણ પ્રોજેક્ટ ........ 15
- QUESTION ANSWERS ........ 18

**01 APR-2021**

- ગ્લોબલ જેન્ડર ગેપ ઈન્ડેક્સ 2021 અંતર્ગત ભારત 140મા ક્રમે ........ 19
- પાવરગ્રીડ દ્વારા ઈ-ટેન્ડરિંગ માટે 'PRANIT' પોર્ટલની સ્થાપના ........ 21
- QUESTION ANSWERS ........ 22

**02 APR-2021**

- દિવસ મહિમા, 2 એપ્રિલ (1) આંતરરાષ્ટ્રીય બાલ પુસ્તક દિન (International Children's Book Day) (2) World Autism Awareness Day ........ 23
- સુપ્રસિદ્ધ અભિનેતા શ્રી રજનીકાંતને દાદાસાહેબ ફાળકે પુરસ્કાર એનાયત ........ 23
- ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) વિધેયક, 2021 વિધાનસભામાં પસાર ........ 24
- QUESTION ANSWERS ........ 25

**03 APR-2021**

- ઈસરોએ ભારતમાં પ્રથમવાર ફ્રી સ્પેસ ક્વોન્ટમ કમ્યુનિકેશનનું પ્રદર્શન કર્યું ........ 26
- આંધ્રપ્રદેશ ભારતનું પ્રથમ સરકાર સંચાલિત એનિમલ એમ્બ્યુલન્સ નેટવર્ક શરૂ કરશે ........ 27
- QUESTION ANSWERS ........ 28

**ONE LINER** ........ 29

**QUESTION OF THIS WEEK** ........ 34

INSTITUTE FOR COMPETITIVE EXAMS

# CSIR- NIO દ્વારા હિંદ મહાસાગરમાં 'TraceBioMe Project' લોન્ચ

કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચ નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ઓશનોગ્રાફી (CSIR-NIO) દ્વારા હિંદ મહાસાગરમાં રહેલા જીવોની આનુવંશિક વિવિધતાના નકશા બનાવવા માટે 'TraceBioMe Project' લોન્ચ કરવામાં આવ્યો છે.

- હિંદ મહાસાગરમાં જીવોના આનુવાંશિક વિવિધતાના નકશા (Genome Mapping) બનાવવાનો આ પ્રોજેક્ટ તેના પ્રકારનો પ્રથમ પ્રોજેક્ટ છે.

## TraceBioMe પ્રોજેક્ટ

આ પ્રોજેક્ટને કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચ દ્વારા પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

- તે હિંદ મહાસાગરમાં રહેલા ધાતુતત્ત્વોને શોધવા સિવાય સૂક્ષ્મ પોષક તત્વોના પ્રભાવને માપવામાં પણ મદદ કરશે.
- તેમજ તેની મદદથી હિંદ મહાસાગરના જુદા–જુદા ભાગોમાં પાણી, મહાસાગરમાં તરતા સેન્દ્રીય પદાર્થોના સમૂહ (Plankton), કાંપ અને કેટલાક સજીવોના વિસ્તૃત નમૂનાઓની આગાહી કરવામાં પણ મદદ મળશે.
- પ્રોજેક્ટના પ્રથમ તબક્કામાં હિંદ મહાસાગરમાં રહેલા સૂક્ષ્મ સજીવોની તપાસ હાથ ધરવામાં આવશે.

## પ્રોજેક્ટનું અમલીકરણ

પ્રાથમિક તબક્કે આ પ્રોજેક્ટ 90 દિવસ માટે શરૂ કરવામાં આવી રહ્યો છે.

- તેમજ આ પ્રોજેક્ટ માટે સંશોધન કાર્ય રિસર્ચ વેસલ સિંધૂ સાધના દ્વારા હાથ ધરવામાં આવશે.
- પ્રોજેક્ટની શરૂઆત 30 વૈજ્ઞાનિકો દ્વારા આંધ્રપ્રદેશના વિશાખાપટ્ટનમ ખાતેથી કરવામાં આવશે.
- વિશાખાપટ્ટનમથી ગોવા સુધી 9,000 નોટિકલ માઈલ જેટલું અંતર કાપી આ અભિયાન મે, 2021ના અંત સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.
- વૈજ્ઞાનિકો દ્વારા આ દરમિયાન સમુદ્રમાં રહેલા જનીનો, વિવિધ પ્રોટીન અને સમુદ્રી સજીવોના સેલ્યુલર–સ્તરના કાર્યોની ઓળખ મેળવવામાં આવશે.
- વિવિધ અભ્યાસ માટે વૈજ્ઞાનિકો દ્વારા બાયોમેડિકલ ક્ષેત્રની ઉભરતી તકનીકો જેવી કે Proteomics અને genomics નો ઉપયોગ કરવામાં આવશે.

**ICE FACT :**

(1) Proteomics એ જીવિત જીવો (living organism)માં રહેલા પ્રોટીનનો ઊંડાણપૂર્વકનો અભ્યાસ છે. તેની મદદથી વિવિધ સમુદ્રની પરિસ્થિતિઓ હેઠળ રહેલા સમુદ્રી જીવસૃષ્ટિનો અભ્યાસ કરી શકાય છે.

## પ્રોજેક્ટનું મહત્વ

આ પ્રોજેક્ટની મદદથી પ્રાપ્ત કરવામાં આવેલ ડેટા સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (SDG)14ના લક્ષ્યાંકોને પ્રાપ્ત કરવામાં મદદરૂપ થશે.

- SDG 14નો હેતુ મહાસાગરો અને દરિયાઈ સંસધનોના સંરક્ષણ અને ટકાઉ રીતે ઉપયોગ કરવાનો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## CSIR

CSIRનું પૂરું નામ **કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચ** છે.

- CSIRની સ્થાપના **26 સપ્ટેમ્બર, 1942**ના રોજ **સર આર્કોટ રામાસ્વામી મુદલિયર** અને **શ્રી શાંતિસ્વરૂપ ભટનાગર** દ્વારા કરવામાં આવી હતી.
- તે વિજ્ઞાનમાં સંશોધન અને વિકાસ સાથે સંકળાયેલ ભારતની એક **સ્વાયત સંસ્થા** (Autonomous body) છે.
- હોદ્દાની રૂએ **ભારતના વડાપ્રધાન** CSIRના **અધ્યક્ષ** હોય છે, જે અંતર્ગત CSIRના વર્તમાન અધ્યક્ષ **શ્રી નરેન્દ્રભાઈ મોદી** છે.
- CSIRની પૈતૃક સંસ્થા **કેન્દ્રીય વિજ્ઞાન અને ટેક્નોલોજી મંત્રાલય** છે.

## નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ઓશનોગ્રાફી (NIO)

NIOએ **કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચ** અંતર્ગત કાર્ય કરતી સમુદ્ર વિજ્ઞાન સંશોધન સંસ્થા છે.

- તેની સ્થાપના **1 જાન્યુઆરી, 1966**ના રોજ કરવામાં આવી હતી.
- તેનું મુખ્યમથક **ગોવાના ડોના પૌલા** ખાતે આવેલું છે.
- તેમજ તેના પ્રાદેશિક કેન્દ્રો, **કોચિ**, **મુંબઈ** અને **વિશાખાપટ્ટનમ** ખાતે આવેલા છે.
- તેનો મુખ્ય ઉદ્દેશ **ઉત્તર હિંદ મહાસાગરની** વિશિષ્ટ સમુદ્રી બાબતોનો અભ્યાસ કરવાનો છે.

## ભારતનો પ્રથમ સ્વદેશી રીતે વિકસિત 'મોબાઈલ સેવા એપ સ્ટોર'

કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રી શ્રી રવિશંકર પ્રસાદે તાજેતરમાં રાજ્યસભામાં લેખિત જવાબમાં જણાવ્યું હતું કે ભારત પોતાનું પ્રથમ સ્વદેશી રીતે વિકસિત એપ સ્ટોર બનાવી રહ્યું છે જેનું નામ **'મોબાઈલ સેવા એપ સ્ટોર'** છે.




- આ એપ સ્ટોર દ્વારા કેટલાંક ડોમેન્સ અને જાહેર સેવાઓની શ્રેણીની કેટલીક એપ્લિકેશનોનું સંચાલન કરવામાં આવશે.
- આ ભારતીય એપ સ્ટોર પ્રારંભિક તબક્કામાં વિના મૂલ્યે ઉપલબ્ધ થશે.
- ભારત મોબાઈલ એપ્લિકેશનોનો સૌથી મોટો વપરાશકાર દેશ છે.
- ઈન્ડિયા એપ માર્કેટ સ્ટેટિસ્ટિક્સ રિપોર્ટ, 2021 અંતર્ગત એન્ડ્રોઈડ ઉપર ઉપલબ્ધ લગભગ 5 ટકા એપ્લિકેશનો ભારતીય એપ્લિકેશન ડેવલપરો દ્વારા વિકસાવવામાં આવેલ છે.

## મોબાઈલ સેવા

કેન્દ્રીય <u>ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય</u> દ્વારા આ નવીન પહેલની શરૂઆત કરવામાં આવી છે.

- તેમજ આ પહેલની અમલવારી <u>સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ એડવાન્સ કમ્પ્યૂટિંગ (CDAC)</u> દ્વારા કરવામાં આવી રહી છે.
- તેના દ્વારા તમામ કેન્દ્રીય, રાજ્ય અને સ્થાનિક સરકારી વિભાગો મોબાઈલની ચેનલો જેવી કે SMS, USSD, IVRS મોબાઈલ એપ્લિકેશનો અને એપસ્ટોર નો ઉપયોગ કરીને તેમની સેવાઓને લોકો સુધી પહોંચાડવા સક્ષમ બનાવવાનો પ્રયત્ન કરવામાં આવશે.
- તે એક કેન્દ્રીય હોસ્ટ ક્લાઉડ આધારિત મોબાઈલ પ્લેટફોર્મ છે જે ભારતભરમાં મોબાઈલ ડિવાઈસીસ દ્વારા સેવાઓ પ્રદાન કરવાની મંજૂરી આપે છે.

## મોબાઈલ સેવા એપ સ્ટોર

મોબાઈલ સેવા એપ સ્ટોરએ કેન્દ્ર સરકારની માલિકીનું એક મોબાઈલ એપ્લિકેશન હોસ્ટિંગ પ્લેટફોર્મ છે.

- ભારતીય મોબાઈલ એપ્લિકેશન ડેવલપરો માટે એક હોસ્ટિંગ પ્લેટફોર્મ પ્રદાન કરવા માટે આ એપ સ્ટોર વિકસાવવામાં આવી રહ્યું છે.
- તે સર્વિસ ઓરિએન્ટેડ આર્કિટેક્ચર અને ક્લાઉડ આધારિત તકનીકીઓ પર આધારિત હશે.
- તે ભારતનો <u>પ્રથમ સ્વદેશી રીતે વિકસિત એપ સ્ટોર</u> છે.
- આ પ્લેટફોર્મ પર આરોગ્ય, શિક્ષણ, કૃષિ, ઓનલાઈન ચૂકવણી, નાણાકીય ચૂંટણી સેવાઓ, સમાજ કલ્યાણ, પરિવહન ખાદ્ય અને ઊર્જા સંબંધિત સરકારી સેવાઓ અને અન્ય જાહેર સેવાઓ પહોંચાડવા માટે સરકારી વિભાગો અથવા ખાનગી વિકાસકર્તાઓની મોબાઈલ એપ્લિકેશનોને હોસ્ટ કરી શકાશે.

**ICE FACTS :**

(1) SMS નું પૂરું નામ <u>'Short Message Service'</u> છે.

(2) USSD નું પૂરું નામ <u>'Unstructured Supplementary Service Data'</u> છે.

(3) IVRS નું પૂરું નામ <u>'Interactive Voice Response System'</u> છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. CSIR-NIO દ્વારા કયા મહાસાગરમાં 'TraceBioMe Project' લોન્ચ કરવામાં આવી રહ્યો છે ?

(A) હિંદ મહાસાગર (B) આર્કટિક મહાસાગર

(C) પેસેફિક મહાસાગર (D) એન્ટાર્કટિક મહાસાગર (A)

2. નીચે આપેલા વિધાનોમાંથી સાચાં વિધાનો જણાવો ?

1. કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચ–નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ઓશનોગ્રાફી (CSIR-NIO) દ્વારા હિંદ મહાસાગરમાં રહેલા જીવોની આનુવંશિક વિવિધતાના નકશા બનાવવા માટે 'TraceBioMe Project' લોન્ચ કરવામાં આવ્યો છે.

2. 'TraceBioMe Project' ને કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચ દ્વારા પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

3. 'TraceBioMe Project' અંતર્ગત સંશોધન કાર્ય રિસર્ચ વેસલ સિંધૂ સાધના દ્વારા હાથ ધરવામાં આવશે.

4. રિસર્ચ વેસલ સિંધૂ સાધના દ્વારા વિશાખાપટ્ટનમથી ગોવા સુધી દરિયામાં 9000 નોટિકલ માઈલ જેટલું અંતર કાપી આ અભિયાન મે, 2021ના અંત સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.

(A) 1, 2, 4 (B) 1, 2, 3 (C) 2, 3, 4 (D) 1, 2, 3, 4 (D)

3. નીચે આપેલા વિધાનોમાંથી સાચાં વિધાનો જણાવો ?

1. સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ (SDG)14નો હેતુ મહાસાગરો અને દરિયાઈ સંસાધનોના સંરક્ષણ અને ટકાઉ રીતે ઉપયોગ કરવાનો છે.

2. CSIRની સ્થાપના સર આર્કોટ રામાસ્વામી મુદલિયર અને શ્રી શાંતિ સ્વરૂપ ભટનાગર દ્વારા કરવામાં આવી હતી.

3. CSIR એ એક સ્વાયત્ત સંસ્થા છે.

4. નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ ઓશનોગ્રાફી (NIO)નું મુખ્યમથક ગોવાના ડોના પૌલા ખાતે આવલું છે.

(A) 1, 2, 3 (B) 2, 3,4 (C) 1, 2, 3, 4 (D) 1, 2, 4 (C)

4. નીચે આપેલા વિધાનોમાંથી સાચાં વિધાનો જણાવો ?

1. ભારતનો પ્રથમ સ્વદેશી રીતે વિકસિત એપ સ્ટોર 'મોબાઈલ સેવા એપ સ્ટોર' છે.

2. 'મોબાઈલ સેવા' પહેલની શરૂઆત કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલય દ્વારા કરવામા આવી છે.

3. 'મોબાઈલ સેવા' પહેલની અમલવારી સેન્ટર ફોર ડેવલપમેન્ટ ઓફ એડવાન્સ કમ્પ્યૂટિંગ (CDAC) દ્વારા કરવામાં આવી રહી છે.

4. IVRSનું પૂરું નામ 'Interactive Voice Response System' છે.

(A) 2, 3, 4 (B) 1, 2, 3 (C) 1, 2, 3, 4 (D) 1, 2, 4 (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## 66મો ફિલ્મફેર એવોર્ડ 2021




કોરોના મહામારીને કારણે વર્ષ 2020માં ફિલ્મ ઉદ્યોગને ખૂબ ખરાબ સમયમાંથી પસાર થવું પડ્યું હતું છતા જે ફિલ્મો રજૂ થઈ હતી તેના માટે ફિલ્મ ફેર એવોર્ડ તાજેતરમાં 27 માર્ચ, 2021ના રોજ જાહેર કરવામાં આવ્યો હતો.

- આ કાર્યક્રમનું સંચાલન અભિનેતાઓ શ્રી રાજકુમાર રાવ અને શ્રી રિતેશ દેશમુખ દ્વારા કરવામાં આવ્યું હતું.
- 66માં ફિલ્મફેર એવોર્ડના રૂપમાં શ્રેષ્ઠ અભિનેતાનો પુરસ્કાર દિવંગત અભિનેતા શ્રી ઈરફાન ખાનને એનાયત કરવામાં આવ્યો છે. તેમની ફિલ્મ અંગ્રેજી મીડિયમ બદલ તેમને આ પુરસ્કારથી નવાજવામાં આવ્યા હતા.
- લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડ પણ શ્રી ઈરફાન ખાનને આપવામાં આવ્યો છે.
- શ્રી અમિતાભ બચ્ચનને તેમની ફિલ્મ 'ગુલાબો સીતાબો' માટે શ્રેષ્ઠ અભિનેતા માટેના ક્રિટિક એવોર્ડથી નવાજવામાં આવ્યાં છે.
- અભિનેત્રી સુશ્રી તાપસી પન્નુને તેમની ફિલ્મ 'થપ્પડ' માટે શ્રેષ્ઠ અભિનેત્રીના પુરસ્કારથી નવાજવામાં આવ્યા છે.
- શ્રેષ્ઠ ફિલ્મનો એવોર્ડ 'થપ્પડ' ફિલ્મને આપવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**ફિલ્મફેર એવોર્ડ 2021 વિજેતા**

| ક્રમ | એવોર્ડ | વિજેતા |
|---|---|---|
| 1 | બેસ્ટ ફિલ્મ | થપ્પડ |
| 2 | બેસ્ટ એક્ટર | શ્રી ઈરફાન ખાન (ફિલ્મ : અંગ્રેજી મીડિયમ) |
| 3 | બેસ્ટ એક્ટ્રેસ | સુશ્રી તાપસી પન્નુ (ફિલ્મ : થપ્પડ) |
| 4 | બેસ્ટ ડિરેક્ટર | શ્રી ઓમ રાવત (ફિલ્મ : તાન્હાજી : ધ અનસંગ વોરિયર) |
| 5 | લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડ | શ્રી ઈરફાન ખાન |
| 6 | બેસ્ટ એક્ટર (ક્રિટીક્સ) | શ્રી અમિતાભ બચ્ચન (ફિલ્મ : ગુલાબો સિતાબો) |
| 7 | બેસ્ટ એક્ટ્રેસ (ક્રિટીક્સ) | સુશ્રી તિલોત્તમા શોમ (ફિલ્મ : સર) |
| 8 | બેસ્ટ મ્યુઝિક આલ્બમ | પ્રિતમ (ફિલ્મ :લુડો) |
| 9 | શ્રેષ્ઠ ગીતકાર | શ્રી ગુલઝાર (ફિલ્મ : છપાક) |

**ICE FACTS :**

(1) ભારતમાં ફિલ્મફેર એવોર્ડનો પ્રારંભ 21 માર્ચ, 1954થી થયો હતો.

(2) ટાઈમ્સ ગ્રૂપના અંગ્રેજી મેગેઝિન 'FILMFARE' દ્વારા આ પુરસ્કાર એનાયત થાય છે.

## સર્ક્યુલર અર્થવ્યવસ્થાના વિકાસ માટે દેશમાં 11 સમિતિઓની રચના

કેન્દ્ર સરકારે તાજેતરમાં પર્યાવરણ, વન અને હવામાન પરિવર્તન મંત્રાલય અને નીતિ આયોગના અધિકારીઓ સિવાય 11 સમિતિઓની રચના કરી છે.

- આ સમિતિઓનું નેતૃત્ત્વ સંબંધિત કેન્દ્રીય મંત્રાલયો દ્વારા કરવામાં આવશે.
- આ સમિતિઓ દ્વારા વ્યાપક એકશન પ્લાન તૈયાર કરવામાં આવશે. જેની મદદથી દેશની રેખીય અર્થવ્યવસ્થા (Linear Economy)ને સર્ક્યુલર અર્થવ્યવસ્થા (Circular Economy) તરફ લઈ જવામાં મદદ મળશે.
- આ સમિતિઓ દ્વારા અસરકારક અમલીકરણ માટે વિવિધ ભલામણો અને જરૂરી કાર્યવાહીઓ પણ હાથ ધરવામાં આવશે.

### Focus Area

દેશની રેખીય અર્થવ્યવસ્થામાંથી સર્કયુલર અર્થવ્યવસ્થા તરફના વિકાસ માટે કેન્દ્ર સરકારે 11 જેટલા ફોકસ ક્ષેત્રોની પસંદગી કરી છે જેમાં નીચેના ક્ષેત્રોનો સમાવેશ થાય છે :

1. મ્યુનિસિપલ સોલિડ વેસ્ટ એન્ડ લિક્વિડ વેસ્ટ
2. ઈલેક્ટ્રોનિક વેસ્ટ
3. સ્ક્રેપ મેટલ (ધાતુઓ અને અધાતુઓ)
4. સોલાર પેનલ્સ
5. જિપ્સમ
6. લિથિયમ આયન બેટરીઝ
7. કૃષિ કચરો
8. ઝેરી અને જોખમી ઔદ્યોગિક કચરો
9. વપરાયેલ તેલનો કચરો
10. ટાયર અને રબર રિસાયકલિંગ અને
11. End-of-life Vehicles (ELVs)

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

### સર્ક્યુલર અર્થવ્યવસ્થાના વિકાસ તરફની જરૂરિયાત

ટકાઉ વિકાસ (Sustainable Growth) એ કેન્દ્ર સરકારની આત્મનિર્ભર ભારત પહેલનો મુખ્ય ઘટક છે.

- તેથી, ભારતને સંસાધનોના મહત્તમ ઉપયોગ માટેના વિકાસ મોડેલની જરૂરિયાત છે.
- આમ, વાતાવરણ પરિવર્તન, વધતી વસતી, ઝડપી શહેરીકરણ અને પર્યાવરણીય પ્રદૂષણને ધ્યાને લઈ દેશને સર્ક્યુલર અર્થવ્યવસ્થા તરફ આગળ વધવાની જરૂર છે.

## સર્ક્યુલર અર્થવ્યવસ્થા (Circular economy)

સર્ક્યુલર અર્થવ્યવસ્થાએ અર્થવ્યવસ્થાની એવી સિસ્ટમ છે જેનો ઉદ્દેશ સંસાધનોના કચરા અને તેના સતત ઉપયોગને સમાપ્ત કરવાનો છે.

- આ અર્થવ્યવસ્થા અંતર્ગત બંધ લૂપ સિસ્ટમ બનાવવા માટે ફરીથી ઉપયોગ (Reuse), સમારકામ (repair), નવીનીકરણ (refurbishment), પુન: નિર્માણ (remanufacturing), અને રિસાયકલિંગ જેવા ઘટકોનો સમાવેશ કરવામાં આવે છે.
- આમ, તેની મદદથી પ્રદૂષણ, કચરો અને કાર્બન ઉત્સર્જનને ઘટાડવામાં મદદ મળે છે.

# NDHM સેન્ડબોક્સ એન્વાયર્નમેન્ટ

કેન્દ્ર સરકારે નેશનલ ડિજિટલ હેલ્થ મિશન (NDHM) પર અત્યાર સુધીમાં 118.2 મિલિયન રૂપિયાના ખર્ચ પછી પ્રોજેક્ટના વિસ્તરણ માટે અને તેના પ્રથમ તબક્કાના પરિણામોનું મૂલ્યાંકન કરવા માટે યોજના બનાવી છે.

- આ મિશન હેઠળ નવીનતાને પ્રોત્સાહન આપવા અને લોકોમાં આ મિશન પ્રતિ વિશ્વાસ વધારવા માટે 'NDHM સેન્ડબોક્સ એન્વાયર્નમેન્ટ'ની સ્થાપના પણ કરવામાં આવી છે.

## મુખ્ય બાબતો

નેશનલ ડિજિટલ હેલ્થ મિશનની જાહેરાત વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી** દ્વારા **15 ઓગસ્ટ, 2020**ના રોજ કરવામાં આવી હતી.

- કેન્દ્ર સરકાર દ્વારા આ મિશન અંતર્ગત 15 માર્ચ, 2021 સુધીમાં 9,97,095 જેટલા હેલ્થ આઈડી જારી કરવામાં આવ્યાં છે.

## NDHM સેન્ડબોક્સ એન્વાયર્નમેન્ટ

નેશનલ ડિજિટલ હેલ્થ મિશન અંતર્ગત નવીનતા, ભાગીદારી અને વિશ્વાસને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકારે 'NDHM સેન્ડબોક્સ એન્વાયર્નમેન્ટ' નો વિકાસ કર્યો છે.

- આ સેન્ડબોક્સ એન્વાયર્નમેન્ટને બંધ અર્થવ્યવસ્થા (Closed Ecosystem) તરીકે વિકસાવવામાં આવ્યું છે.
- આ સિસ્ટમ અંતર્ગત NDHMના ધોરણો અનુસાર વાતાવરણને અનુકૂળ તકનીકીઓ અથવા ઉત્પાદનોના પરીક્ષણને મંજૂરી આપવામાં આવે છે.
- આ પરીક્ષણ NDHM ઈકો સિસ્ટમનો ભાગ બનવા માંગતી જાહેર જનતાની સાથે સાથે ખાનગી સંસ્થાઓને આરોગ્ય માહિતી પ્રદાતા અથવા આરોગ્ય માહિતી વપરાશકર્તા બનવામાં મદદરૂપ થાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નેશનલ ડિજિટલ હેલ્થ મિશન (NDHM)

ભારતના નાગરિકોની આરોગ્ય સેવામાં આમૂલ પરિવર્તન લાવવા માટે તેમજ તેમને વધુ સારી આરોગ્ય સેવા ઉપલબ્ધ કરાવી શકાય તે માટે ભારતમાં આ **'નેશનલ ડિજિટલ હેલ્થ મિશન'**નો પ્રારંભ કરવામાં આવ્યો છે.

- 'નેશનલ ડિજિટલ હેલ્થ મિશન' એટલે કે 'રાષ્ટ્રીય ડિજિટલ આરોગ્ય મિશન' શરૂ કરવાની જાહેરાત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા નવી દિલ્હીના લાલ કિલ્લા ખાતેથી 15 ઓગસ્ટ, 2020ના રોજ કરવામાં આવી હતી.
- આ મિશન અંતર્ગત ભારતના તમામ નાગરિકોને તબક્કાવાર એક **Digital health ID Card** ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યાં છે.
- ભારતના દરેક નાગરિકને આપવામાં આવનાર આ યુનિક હેલ્થ આઈડી કાર્ડમાં તેના આરોગ્ય અંગેની તમામ જાણકારીનો સમાવેશ કરવામાં આવશે.
- આ કાર્ડ એક હેલ્થ અકાઉન્ટ તરીકે કાર્ય કરશે.
- 'નેશનલ ડિજિટલ હેલ્થ મિશન' અંતર્ગત મુખ્યત્વે નીચેની 6 સુવિધાઓ દ્વારા ભારતમાં આરોગ્ય ક્ષેત્રે ક્રાંતિકારી પરિવર્તન લાવવામાં આવશે :

(1) હેલ્થ આઈડી (Health Id)
(2) ડિજી ડોક્ટર (Digi Doctor)
(3) આરોગ્ય સંભાળ રજિસ્ટ્રી (Health Facility Registry)
(4) વ્યક્તિગત આરોગ્ય રેકોર્ડ (Personal Health Records)
(5) ઈ–ફાર્મસી (e-Pharmacy)
(6) ટેલી મેડિસીન (Telemedicine)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



1. 27 માર્ચ, 2021ના રોજ ભારતમાં કેટલામાં ફિલ્મફેર એવોર્ડની જાહેરાત કરવામાં આવી હતી ?

(A) 65 (B) 66 (C) 67 (D) 68 (B)

2. 66માં ફિલ્મફેર એવોર્ડ 2021માં બેસ્ટ ફિલ્મનો એવોર્ડ કઈ ફિલ્મને એનાયત થયો છે ?

(A) ગલી બોય (B) વોર (C) થપ્પડ (D) ગુલાબો સીતાબો (C)

3. 66માં ફિલ્મફેર એવોર્ડ 2021માં લાઈફ ટાઈમ અચિવમેન્ટ એવોર્ડ કોને એનાયત થયો હતો ?

(A) શ્રી ગોવિંદા (B) શ્રી રમેશ સિપ્પી (C) શ્રી કાદરખાન (D) શ્રી ઈરફાન ખાન (D)

4. 66માં ફિલ્મફેર એવોર્ડ 2021માં બેસ્ટ એકટરનો એવોર્ડ કોને એનાયત થયો હતો ?

(A) શ્રી અક્ષયકુમાર (B) શ્રી રણવીરસિંહ (C) શ્રી ઈરફાનખાન (D) શ્રી સલમાનખાન (C)

5. 66માં ફિલ્મફેર એવોર્ડ 2021માં બેસ્ટ એકટ્રેસનો એવોર્ડ કોને એનાયત થયો હતો ?

(A) સુશ્રી તાપસી પન્નુ (B) સુશ્રી કૃતિ સેનન (C) સુશ્રી આલિયા ભટ્ટ (D) સુશ્રી કિઍરા અડવાણી (A)

6. સકર્યુલર અર્થવ્યવસ્થા વિકાસ માટે દેશમાં કેટલી સમિતઓની તાજેતરમાં રચના કરવામાં આવી છે ?

(A) 10 (B) 11 (C) 12 (D) 13 (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

7. 'નેશનલ ડિજિટલ હેલ્થ મિશન' અંતર્ગત ભારતમાં નાગરિકોને નીચેનામાંથી કઈ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે ?

(A) હેલ્થ આઈડી (B) ડિજી ડોકટર

(C) વ્યક્તિગત આરોગ્ય રેકોર્ડ (D) ઉપરોક્ત ત્રણેય (D)

8. નીચે આપેલા વિધાનોમાંથી સાચાં વિધાનો જણાવો ?

1. નેશનલ ડિજિટલ હેલ્થ મિશન અંતર્ગત નવીનતા, ભાગીદારી અને વિશ્વાસને પ્રોત્સાહન આપવા માટે કેન્દ્ર સરકારે 'NDHM સેન્ડબોક્સ એન્વાયર્નમેન્ટ' નો વિકાસ કર્યો છે.

2. NDHMની જાહેરાત વડાપ્રધાન શ્રી દ્વારા 15 ઓગસ્ટ, 2020ના રોજ કરવામાં આવી હતી.

(A) ફક્ત 1 (B) ફક્ત 2 (C) 1 અને 2 બંને (D) ઉપરોક્ત બંને ખોટા (C)

# ભારત ડાયનામિક્સ લિમિટેડ ભારતીય સેનાને 4,960 મિલાન-2T એન્ટિ-ટેન્ક ગાઈડેડ મિસાઈલ્સ સપ્લાય કરશે

કેન્દ્રીય સંરક્ષણ મંત્રાલય દ્વારા રાજ્ય સંચાલિત **ભારત ડાયનામિક્સ લિમિટેડ (BDL)** સાથે **1,188** કરોડ રૂપિયાના કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.



- આ કરાર અંતર્ગત, ભારત ડાયનામિકસ લિમિટેડ દ્વારા ભારતીય સૈન્યને **4,960 મિલાન-2T એન્ટિ-ટેન્ક ગાઈડેડ મિસાઈલ્સ (ATGMs)** સપ્લાય કરવામાં આવશે.
- સંરક્ષણ મંત્રાલય દ્વારા આ મિસાઈલો માટે માર્ચ, 2016માં BDL સાથે કરારો કરવામાં આવ્યા હતા.

## મિલાન-2T એન્ટિ-ટેન્ક ગાઈડેડ મિસાઈલ્સ

મિલાન-2Tએ **1,850 મીટરની રેન્જ** ધરાવતી **ટેન્ડેમ વોરહેડ એન્ટિ-ટેન્ક ગાઈડેડ મિસાઈલ્સ** છે. Tandem એટલે એકની પાછળ એક એમ જોડીને ઓપેરટ કરી શકાય.

- આ મિસાઈલોનું નિર્માણ ભારત ડાયનામિકસ લિમિટેડ ખાતે કરવામાં આવી રહયું છે. આ અંગેનું લાઈસન્સ **ફ્રાંસની MBDA મિસાઈલ સિસ્ટમ** દ્વારા આપવામાં આવ્યું હતું.
- આ મિસાઈલ સિસ્ટમમાં **ફોરવર્ડ ચાર્જ** અને **રીઅર ચાર્જ** જેવી વ્યવસ્થા આવેલી છે જે મિસાઈલને ઓપરેટ કરતી બ્લાસ્ટ શિલ્ડથી અલગ પડે છે. આ ATGMનો ફોરવર્ડ ચાર્જ પ્રથમ ફાયર થાય છે જે લક્ષ્યાંકના બાહય કવચને વિક્ષેપિત કરે છે જ્યારે મિસાઈલનો રીઅર ચાર્જ થોડા સમય પછી ફાયર કરવામાં આવે છે.
- આ મિસાઈલોને આગામી ત્રણ વર્ષમાં ભારતીય સેનામાં સામેલ કરવામાં આવશે.

## આ મિસાઈલોની વિશેષતા

આ મિસાઈલો **જમીન** અને **વાહન આધારિત** પ્રક્ષેપકોથી લોન્ચ કરી શકાય તેવી સુવિધા ધરાવે છે.

## મહત્વ

આ પગલું કેન્દ્ર સરકારના 'મેક ઈન ઈન્ડિયા' કાર્યક્રમને મજબૂત કરવામાં મદદરૂપ થશે.

- આ મિસાઈલોના ભારતીય સેનામાં જોડાવાથી સશસ્ત્રદળોની ઓપરેશનલ સજ્જતામાં વધારો થશે.
- આ પ્રોજેક્ટ ભારતના સંરક્ષણ ઉદ્યોગની ક્ષમતાનું પણ પ્રદર્શન કરે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગ્રામ્ય વિસ્તારો માટે ગ્રામ ઉજાલા યોજના લોન્ચ




19 માર્ચ, 2021ના રોજ કેન્દ્ર સરકાર દ્વારા દેશના <u>ગ્રામીણ વિસ્તારો</u>માં <u>સસ્તા LED બલ્બ પ્રદાન</u> કરવા માટે <u>'ગ્રામ ઉજાલા'</u> યોજનાની શરૂઆત કરવામાં આવી છે.

- આ યોજનાની શરૂઆત કેન્દ્રીય વીજ અને નવા અને નવીનીકરણીય ઊર્જા પ્રધાન <u>શ્રી રાજકુમાર સિંઘ</u> દ્વારા કરવામાં આવી હતી.

### ગ્રામ ઉજાલા યોજના

ગ્રામ ઉજાલા યોજના એ મહત્ત્વાકાંક્ષી (Ambitious) યોજના છે. જેના અંતર્ગત ભારતના <u>ગ્રામીણ વિસ્તારો</u>માં <u>વિશ્વના સૌથી સસ્તા LED બલ્બ પ્રદાન</u> કરવામાં આવશે.

- ભારતમાં આ પ્રકારની આ પ્રથમ યોજના છે.
- આ યોજના અંતર્ગત ગ્રામીણ વિસ્તારોમાં <u>ફક્ત 10 રૂપિયામાં LED બલ્બ</u> ઉપલબ્ધ કરાવવામાં આવશે.
- તેમજ <u>7 વોટથી 12 વોટ</u>ના LED બલ્બ <u>3 વર્ષની વોરન્ટી</u> સાથે દરેક ગ્રામીણ ઘરોને આપવામાં આવશે.
- દરેક ઘરને <u>5 જેટલા LED બલ્બો</u> આ યોજના અંતર્ગત આપવામાં આવશે.

### અમલીકરણ

ગ્રામ ઉજાલા યોજના અંતર્ગત LED બલ્બોનું વિતરણ રાજ્ય સંચાલિત એનર્જી એફિશિયન્સી સર્વિસિઝ લિમિટેડ (EESL)ની પેટાકંપની <u>કન્વર્ઝન્સ એનર્જી સર્વિસિઝ લિમિટેડ (CESL)</u> દ્વારા કરવામાં આવશે.

- EESL એ કેન્દ્રીય <u>વીજ મંત્રાલય</u> અંતર્ગતની <u>પબ્લિક સેક્ટર અંડરટેકિંગ</u> (PSU) છે.

### યોજનાનો પ્રથમ તબક્કો

આ યોજનાના પ્રથમ તબક્કાની શરૂઆત <u>બિહારના અરાહ જિલ્લામાંથી</u> કરવામાં આવી હતી.

- આ તબક્કા અંતર્ગત <u>અરાહ (બિહાર)</u>, <u>વિજયવાડા (આંધ્રપ્રદેશ)</u>, <u>વારાણસી (ઉત્તરપ્રદેશ)</u>, <u>નાગપુર (મહારાષ્ટ્ર)</u> અને <u>પશ્ચિમ ગુજરાત</u>ના ગામોમાં લગભગ <u>15 મિલિયન જેટલા LED બલ્બો</u>નું વિતરણ કરવામાં આવશે.
- તેમજ આ યોજના અંતર્ગત ગ્રામીણ વિસ્તારોમાં 10 રૂપિયામાં 600 મિલિયન LED બલ્બો વિતરણ કરવાની દરખાસ્ત કરવામાં આવેલી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## યોજના માટે નાણાકીય વ્યવસ્થાપન


આ સંપૂર્ણ રીતે કાર્બન ક્રેડિટ દ્વારા નાણાં આપવામાં આવશે અને ભારતમાં આ પ્રકારની પ્રથમ યોજના છે.

- કાર્બન ક્રેડિટ એ કોઈપણ પ્રવૃત્તિઓ અથવા પ્રોજેક્ટ્સ દ્વારા ગ્રીન હાઉસ વાયુઓનું ઉત્સર્જન થતું નથી અથવા તો ઓછું થાય છે એ અંગેના પ્રમાણપત્રો છે.
- કાર્બન ક્રેડિટ અંગેનો દાવો યુનાઈટેડ નેશન્સની કિલન ડેવલપમેન્ટ મિકેનિઝમ (CDM) અંતર્ગત કરવામાં આવે છે.

## ઉજાલા સ્કીમ

ઉજાલા સ્કીમનું પૂરું નામ **'ઉન્નત જ્યોતિ બાય અફોર્ડેબલ LEDs ફોર ઓલ'** છે.

- ઉજાલા યોજનાનું લોન્ચિંગ વડાપ્રધાન **શ્રી નરેન્દ્રભાઈ મોદી** દ્વારા **1 મે, 2015**ના રોજ કરવામાં આવ્યું હતું.
- આ યોજનાએ અગાઉ ચાલતી **'બચત લેમ્પ યોજના'**નું સ્થાન લીધુ હતું.
- આ યોજનાનું સંચાલન **એનર્જી એફિશિયન્સી સર્વિસિઝ લિમિટેડ (EESL)** દ્વારા કરવામાં આવે છે.
- મે, 2017મા કેન્દ્ર સરકારે આ LED વિતરણ પ્રોજેક્ટને **યુનાઈટેડ કિંગ્ડમ**માં વિસ્તૃત કરવાની જાહેરાત કરી હતી.



1. નીચેનામાંથી કઈ કંપની ભારતીય સેનાને 4,960 મિલાન-2T એન્ટિ–ટેન્ક ગાઈડેડ મિસાઈલ્સ સપ્લાય કરશે ?

(A) ભારત ઈલેક્ટ્રોનિક્સ લિમિટેડ (B) ભારત ડાયનામિક્સ લિમિટેડ

(C) ભારત હેવી ઈલેક્ટ્રિકલ્સ લિમિટેડ (D) ઓર્ડનન્સ ફેક્ટરી બોર્ડ (B)

2. મિલાન-2T એન્ટિ–ટેન્ક ગાઈડેડ મિસાઈલ્સ વિશે સાચાં વિધાનો જણાવો ?

1. મિલાન-2Tએ 1,850 મીટરની રેન્જ ધરાવતી ટેન્ડેમ વોરહેડ એન્ટિ ટેન્ક ગાઈડેડ મિસાઈલ્સ છે.

2. આ મિસાઈલના નિર્માણ માટેનું લાઈસન્સ ફ્રાંસની MBDA મિસાઈલ સિસ્ટમ દ્વારા આપવામાં આવ્યું છે.

3. આ મિસાઈલમાં ફોરવર્ડ ચાર્જ અને રીઅર ચાર્જ જેવી વ્યવસ્થા આવેલી છે.

4. આ મિસાઈલો જમીન અને વાહન આધારિત પ્રક્ષેપકોથી લોન્ચ કરી શકાય તેવી સુવિધા ધરાવે છે.

(A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 1, 2, 4 (D) 2, 3, 4 (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

3. 'ગ્રામ ઉજાલા' યોજના બાબતે નીચેના પૈકી સાચા વિધાનો જણાવો ?

1. કેન્દ્ર સરકાર દ્વારા દેશના ગ્રામીણ વિસ્તારોમાં સસ્તાં LED બલ્બ પ્રદાન કરવા માટે 'ગ્રામ ઉજાલા' યોજનાની શરૂઆત કરવામાં આવી છે.

2. ગ્રામીણ વિસ્તારોમાં વિશ્વના સૌથી સસ્તા LED બલ્બ પ્રદાન કરતી આ યોજના છે.

3. આ યોજના અંતર્ગત ગ્રામીણ વિસ્તારોમાં ફક્ત 10 રૂપિયામાં LED બલ્બ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

4. બલ્બોનું વિતરણ આ યોજના અંતર્ગત કન્વર્ઝન્સ એનર્જી સર્વિસિઝ લિમિટેડ (CESL) દ્વારા કરવામાં આવશે.

(A) 2, 3, 4 (B) 1, 2, 3 (C) 1, 2, 4 (D) 1, 2, 3, 4 (D)

4. ગ્રામ ઉજાલા યોજના અંતર્ગત પ્રથમ તબક્કાની શરૂઆત કયા રાજ્યમાંથી કરવામાં આવી છે ?

(A) ઓડિશા (B) છત્તીસગઢ (C) બિહાર (D) મધ્યપ્રદેશ (C)

5. ઉજાલા યોજનાની શરૂઆત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ક્યારે કરવામાં આવી હતી ?

(A) 1 મે, 2015 (B) 1 મે, 2016 (C) 1 મે, 2017 (D) 1 મે, 2018 (A)

## દિવસ મહિમા : 31 માર્ચ, World Backup Day

કમ્પ્યૂટર તથા સ્માર્ટફોનમાં રહેલા પર્સનલ તથા પ્રોફેશનલ ડેટાની સુરક્ષા અંગે જાગૃતિ લાવવા માટે વિશ્વના કેટલાક દેશોમાં દર વર્ષે 31 માર્ચના રોજ 'World Backup Day'ની ઉજવણી કરવામાં આવે છે.

- આજનો માનવી દિવસેને દિવસે ટેક્નોલોજી પર વધુ નિર્ભર થતો જાય છે. આથી, વર્તમાન સમયે ડિજિટલ ડોક્યુમેન્ટની સુરક્ષા ખૂબ જ અગત્યનો મુદ્દો છે.
- 31 માર્ચના રોજ 'વર્લ્ડ બેકઅપ ડે'ની ઉજવણી દ્વારા આ દિવસ, કોઈ દુર્ઘટનાને કારણે ડેટા લોસ થઈ જાય એ પહેલા જ તેનું બેકઅપ લેવાની યાદ અપાવે છે.

## કેન-બેતવા રિવર લિંક પ્રોજેક્ટ : ભારતનો નદીઓ માટેનો પ્રથમ આંતરજોડાણ પ્રોજેક્ટ

તાજેતરમાં કેન્દ્રીય જલ શક્તિ મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ શેખાવતે વિશ્વ જળ દિવસ (22 માર્ચ) નિમિતે ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશ રાજ્યો સાથે ત્રિપક્ષીય કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

- આ કરાર અંતર્ગત ભારતની બે મોટી નદીઓ કેન અને બેતવાના આંતરજોડાણને મંજૂરી આપવામાં આવી છે.
- આ ભારતનો પ્રથમ પ્રોજેક્ટ છે જેના અંતર્ગત ભારતની બે મોટી નદીઓના જોડાણને મંજૂરી આપવામાં આવી છે.

### કેન-બેતવા રિવર લિંક પોજેક્ટ

કેન–બેતવા રિવર લિંક પ્રોજેક્ટએ નદીઓનો આંતરજોડાણ પ્રોજેક્ટ છે જેના અંતર્ગત મધ્યપ્રદેશની કેન નદીમાં રહેલો પાણીનો વધારાનો જથ્થો (Surplus Water) ઉત્તરપ્રદેશની બેતવા નદી તરફ વાળવામાં આવશે.

- આ પ્રોજેક્ટના અહેવાલમાં જણાવ્યા અનુસાર, મધ્યપ્રદેશના છત્તરપુર જિલ્લાના દૌધાન ખાતે કેન નદી પર 73.8 મીટર ઊંચાઈ ધરાવતો ડેમ પ્રસ્તાવિત કરવામાં આવ્યો છે. આ ડેમ દ્વારા કેન નદીના બેસિનમાંથી 2,800 મિલિયન ક્યુબિક મીટર (MCM) પાણીનો જથ્થો અછત ધરાવતા બેતવા નદીના બેસિનમાં પહોંચાડવામાં આવશે. આ બંને નદીઓ યમુના નદીની સહાયક નદીઓ છે.
- આ પ્રોજેક્ટ માટે અંદાજિત ખર્ચ 35,111.24 કરોડનો થશે અને તેને આઠ વર્ષમાં પૂર્ણ કરવામાં આવશે.
- આ પ્રોજેક્ટની મદદથી ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશમાં આવેલા દુષ્કાળગ્રસ્ત બુંદેલખંડ ક્ષેત્રને સિંચિત કરવામાં આવશે.
- આના અંતર્ગત સિંચાઈનો લાભ મુખ્યત્વે ઉત્તરપ્રદેશ રાજ્યના ઝાંસી, બાંદા, લલિતપુર અને મહોબા જિલ્લાઓ અને મધ્યપ્રદેશ રાજ્યના તિકમગઢ, પન્ના અને છત્તરપુર જિલ્લાઓને મળશે.
- દેશભરનાં નદીઓના 30 જેટલા આંતરજોડાણ પ્રોજેક્ટો પૈકીનો આ એક પ્રોજેક્ટ છે.
- રાજકીય અને પર્યાવરણીય સમસ્યાઓના કારણે આ પ્રોજેક્ટ આજ દિન સુધી વિલંબિત થતો રહ્યો હતો.

JOIN WHATSAPP GROUP joinicerajkot.com

## નદીઓના આંતરજોડાણની જરૂરિયાત

ભારતમાં 80% પાણી વાર્ષિક વરસાદના માધ્યમથી પ્રાપ્ત થાય છે. અને જમીનની સપાટી પર પાણીનો પ્રવાહ મુખ્યત્વે જૂનથી સપ્ટેમ્બર મહિનાના 4 મહિનાના સમયગાળા દરમિયાન જોવા મળે છે.

- પાણીની વર્ષભરની માંગ જેવી કે સિંચાઈ, પીવા માટે અને ઔદ્યોગિક માંગ સામે કુદરતી રીતે પાણીની ઉપલબ્ધતામાં તફાવત જોવા મળે છે. નદીઓના આંતરજોડાણ થકી તે સંતુલિત થઈ શકે તેમ છે.

## નદીઓના આંતરજોડાણના ફાયદા

નદીઓના આંતરજોડાણ થકી બુંદેલખંડ ક્ષેત્ર જેવા પાણીની અછત ધરાવતા વિસ્તારોમાં પાણીની આપૂર્તિ કરવામાં મદદ મળશે.

- સિંચાઈ માટે પૂરતું પાણી મળી રહેવાના કારણે કૃષિમાં સ્થિર આજીવિકાની ખાતરી થશે. તેમજ ખેડૂતો દ્વારા કરવામાં આવતી આત્મહત્યાના દરમાં પણ ઘટાડો થશે.
- તેની મદદથી બે રાજ્યોના 13 લાખ જેટલા લોકોને પીવાનું પાણી મળી રહેશે અને 75 મેગાવોટ જેટલી વીજળીનું ઉત્પાદન પણ થશે.

## પ્રોજેક્ટ બાબતે પડકાર

મધ્યપ્રદેશના છત્તરપુર જિલ્લાના દૌધાન ખાતે કેન નદી પર 73.8 મીટર ઊંચાઈ ધરાવતા ડેમના નિર્માણથી **પન્ના ટાઈટર રિઝર્વના** 10% જેટલા વાઘના ક્રિટીકલ નિવાસસ્થાનો પાણીમાં ડૂબી જશે.

- આનાથી વાઘ સંરક્ષણ માટેના પ્રયત્નોને અસર થશે.
- આ ડેમની આટલી ઊંચાઈ **ગીધોના માળાના સ્થાનોને** પણ અસર કરશે.

## આંતરરાજ્યો વચ્ચે પાણીની વહેંચણી બાબતે બંધારણીય જોગવાઈઓ

બંધારણના **અનુચ્છેદ–262(1)** અંતર્ગત આંતરરાજ્યોના પાણીના વિવાદોના સમાધાન અંગેની જોગવાઈ કરવામાં આવી છે.

- બંધારણના **અનુચ્છેદ–262(2)** અંતર્ગત સુપ્રીમ કોર્ટ કે અન્ય કોઈ અદાલત આંતરરાજ્યના પાણીના વિવાદના સંદર્ભમાં તેના અધિકારક્ષેત્રનો ઉપયોગ કરી શકતી નથી.
- પાણીએ **રાજ્યયાદીનો વિષય** છે.

## કેન નદી

કેન નદીએ બુંદેલખંડ પ્રાંતની મુખ્ય નદીઓ પૈકીની એક નદી છે.


- તે મધ્યભારતમાં આવેલા **મધ્યપ્રદેશ** અને **ઉત્તરપ્રદેશ** એમ બે રાજ્યોમાંથી થઈને વહે છે.
- કેન નદી મધ્યપ્રદેશના **કટની જિલ્લામાં** આવેલા અંહિરગાવ નામના ગામ નજીકના ઉત્તર–પશ્ચિમ ઢોળાવ પરના **બારનેરના પહાડી ક્ષેત્રમાંથી** નીકળે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## બેતવા નદી

બેતવા નદી ભારતના <u>મધ્યપ્રદેશ</u> અને <u>ઉત્તરપ્રદેશ</u> જેવા રાજ્યોમાંથી પસાર થાય છે.

- બેતવા નદીનું પ્રાચીન નામ <u>‘વેત્રવતી’</u> નદી હતું.
- આ નદી મધ્યપ્રદેશના <u>રાયસેન જિલ્લામાંથી વિંધ્યાચલ પર્વતમાંથી</u> નીકળે છે.
- તે બુંદેલખંડ ઉચ્ચપ્રદેશની સૌથી લાંબી નદી છે.
- તે ઉત્તરપ્રદેશના <u>હમીરપુર જિલ્લામાં યમુના નદી</u>ને મળે છે.
- આ નદીના કિનારે <u>સાંચી</u> અને <u>વિદિશા</u> જેવા પ્રસિદ્ધ અને સાંસ્કૃતિક નગરો આવેલા છે.
- ભારતીય નૌકાદળે બેતવા નદીના સન્માનમાં એક ફ્રિગેટ્સનું નામ <u>'INS બેતવા'</u> રાખ્યું છે.



1. 'World Backup day' ની ઉજવણી દર વર્ષે ક્યારે કરવામાં આવે છે ?

(A) 31 માર્ચ (B) 30 માર્ચ (C) 1 એપ્રિલ (D) 29 માર્ચ — (A)

2. તાજેતરમાં ભારતમાં નદીઓ માટેનો પ્રથમ આંતરજોડાણ પ્રોજેક્ટ કઈ બે નદીઓ વચ્ચે શરૂ કરવામાં આવશે, એ અંગેના કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે ?

(A) કેન–ગોદાવરી નદીઓ (B) ગોદાવરી–બેતવા નદીઓ
(C) બેતવા–શોણ નદીઓ (D) કેન–બેતવા નદીઓ — (D)

3. કેન–બેતવા રિવર લિંક પ્રોજેક્ટ માટેના કરારો પર હસ્તાક્ષર કયા બે રાજ્યો વચ્ચે થયા હતા ?

(A) ઉત્તરપ્રદેશ અને છત્તીસગઢ (B) છત્તીસગઢ અને મધ્યપ્રદેશ
(C) ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશ (D) મધ્યપ્રદેશ અને બિહાર — (C)

4. કેન–બેતવા રિવર લિંક પ્રોજેક્ટની મદદથી કયા દુષ્કાળગ્રસ્ત પ્રદેશને સિંચિત કરવામાં આવશે ?

(A) રોહિલ ખંડ (B) દંડકારણ્ય (C) બુંદેલખંડ (D) એકપણ નહીં — (C)

5. કેન–બેતવા રિવર લિંક પ્રોજેક્ટ અંતર્ગત પ્રસ્તાવિત દૌધાન ખાતેનો ડેમ કયા રાજ્યમાં નિર્માણ કરવામાં આવશે ?

(A) મધ્યપ્રદેશ (B) રાજસ્થાન (C) ઉત્તરપ્રદેશ (D) છત્તીસગઢ — (A)

6. બંધારણના કયા અનુચ્છેદ અંતર્ગત આંતરરાજ્યોના પાણીના વિવાદોના સમાધાન અંગેની જોગવાઈ કરવામાં આવી છે ?

(A) અનુચ્છેદ–160(1) (B) અનુચ્છેદ–360(2) (C) અનુચ્છેદ–262(1) (D) અનુચ્છેદ–265(1) — (C)

7. નીચેનામાંથી કઈ નદી મધ્યપ્રદેશના બારનેરના પહાડીક્ષેત્રમાંથી નીકળે છે ?

(A) કેન (B) બેતવા (C) શોણ (D) યમુના — (A)

8. નીચેનામાંથી કઈ નદીનું પ્રાચીન નામ 'વેત્રવતી' છે ?

(A) કેન (B) બેતવા (C) શોણ (D) યમુના — (B)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ગ્લોબલ જેન્ડર ગેપ ઈન્ડેક્સ 2021 અંતર્ગત ભારત 140મા ક્રમે

તાજેતરમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમ દ્વારા ગ્લોબલ જેન્ડર ગેપ ઈન્ડેક્સ 2021 જાહેર કરવામાં આવ્યો હતો.

- ભારત વર્લ્ડ ઈકોનોમિક ફોરમના ગ્લોબલ જેન્ડર ગેપ રિપોર્ટ 2021માં 28 સ્થાન નીચે ગબડી 140મા ક્રમે પહોંચ્યું છે.
- કુલ 156 દેશના રેન્કિંગમાં ભારત દક્ષિણ એશિયામાં ત્રીજો સૌથી ખરાબ પ્રદર્શન કરનારો દેશ રહ્યો છે.

### ગ્લોબલ જેન્ડર ગેપ ઈન્ડેક્સ 2021 અંતર્ગત ભારત

આ અહેવાલમાં જણાવ્યા અનુસાર ભારતે અત્યાર સુધીમાં જેન્ડર ગેપ (પુરૂષ અને સ્ત્રીની સંખ્યા વચ્ચેનો તફાવત) 62.5% ઘટાડવામાં સફળતા મેળવી છે.

- ઉલ્લેખનીય છે કે, ભારતને ગ્લોબલ જેન્ડર ગેપ ઈન્ડેક્સ 2020માં 153 દેશોમાં 112મું સ્થાન મળ્યું હતું.
- અહેવાલમાં જણાવ્યા અનુસાર ઈકોનોમિક પાર્ટિસિપેશન (આર્થિક સહભાગીતા) અને અપોર્ચ્યુનિટી (તક)ના પેટાસૂચકાંકમાં ભારતનો જેન્ડર ગેપ ચાલુ વર્ષે 3 ટકા વધ્યો હતો. તેના લીધે અત્યાર સુધીમાં તફાવત 32.6 ટકા ઘટયો છે.
- મોટા ભાગનો ઘટાડો પોલિટિકલ એમ્પાવરમેન્ટના પેટા સૂચકાંકમાં નોંધાયો હતો. ભારતે આ માપદંડ મુજબ 13.5 ટકા ઘટાડો પ્રાપ્ત કર્યો છે. ખાસ કરીને ભારતમાં મહિલા મંત્રીઓની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો (વર્ષ 2019ના 23.1 ટકાથી ઘટીને વર્ષ 2021ના 9.1%) થયો હતો.
- અહેવાલની વિગતો અનુસાર, ગ્લોબલ જેન્ડર ગેપ ઈન્ડેક્સમાં ઘટાડા માટે શ્રમિક વર્ગમાં મહિલાઓની ઘટતી સહભાગીતા પણ જવાબદાર છે. જેનો દર 24.8 ટકાથી ઘટીને 22.3 ટકા થયો છે.
- વધુમાં પ્રોફેશનલ અને ટેકનિકલ ભૂમિકામાં મહિલાઓનો હિસ્સો વધુ ઘટીને 29.2 ટકા થયો હતો.
- સિનિયર અને મેનેજરના હોદ્દા પર મહિલાઓના હિસ્સાની વિગત પર નજર કરીએ તો જણાશે કે, આ હોદ્દામાં મહિલાઓનો હિસ્સો 14.6 ટકા છે અને માત્ર 8.9 ટકા કંપનીઓમાં મહિલાઓ મેનેજરના ટોચના હોદ્દા પર છે.
- અહેવાલમાં જણાવ્યા પ્રમાણે ભારતમાં મહિલાઓની અંદાજિત આવક પુરૂષોની તુલનામાં માત્ર 20 ટકા છે જે ભારતને આ માપદંડને આધારે વૈશ્વિક સ્તરે તળિયાના 10 દેશમાં મૂકે છે.
- હેલ્થ એન્ડ સરવાઈવલ પેટા સૂચકાંકના આંકડામાં મહિલાઓ વિરુદ્ધ ભેદભાવનો પણ ખ્યાલ આપે છે. આ અંતર્ગત ભારતે અત્યાર સુધીમાં 93.7 ટકા જેટલો ગેપ ઘટાડવામાં સફળતા મેળવી છે, છતાં આ પેટા સૂચકાંકમાં ભારતનું સ્થાન તળિયાના પાંચ દેશોમાં રહ્યું છે.
- શિક્ષાપ્રાપ્તિના પેટા સૂચકાંકમાં જેન્ડર ગેપમાં 96.2 ટકા ઘટાડો નોંધાયો છે. ખાસ કરીને પ્રાથમિક, માધ્યમિક અને ત્યારપછીના તબક્કામાં પુરૂષ અને સ્ત્રીમાં શિક્ષણનું પ્રમાણ લગભગ સમાન સ્તરે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગ્લોબલ જેન્ડર ગેપ ઈન્ડેક્સ 2021 અંતર્ગત વિવિધ દેશોનું પ્રદર્શન

ગ્લોબલ જેન્ડર ગેપ ઈન્ડેક્સ અંતર્ગત આઈસલેન્ડ રેકોર્ડ 12મી વખત ટોચના ક્રમાંકે રહ્યું છે.

- ગ્લોબલ જેન્ડર ગેપ ઈન્ડેક્સ 2024, અંતર્ગત ટોચના દેશોમાં આઈસલેન્ડ, ફિનલેન્ડ, નોર્વે, ન્યુઝિલેન્ડ, રવાન્ડા, સ્વિડન, આયર્લેન્ડ અને સ્વિટ્ઝર્લેન્ડ જેવા દેશો રહ્યા છે.
- આ ઈન્ડેક્સ અંતર્ગત અફઘાનિસ્તાન સૌથી છેલ્લા ક્રમાંકે એટલે કે 156મા ક્રમાંકે રહ્યો છે.

## ગ્લોબલ જેન્ડર ગેપ ઈન્ડેક્સ 2021 અંતર્ગત ભારતના પડોશી દેશોનું પ્રદર્શન

આ ઈન્ડેક્સ અંતર્ગત નેપાળ 106મા ક્રમાંકે, બાંગ્લાદેશ 65મા ક્રમાંકે, અફઘાનિસ્તાન 156મા ક્રમાંકે, પાકિસ્તાન 153મા ક્રમાંકે, શ્રીલંકા 116મા ક્રમાંકે અને ભૂતાન 130મા ક્રમાંકે રહ્યું છે.

## ગ્લોબલ જેન્ડર ગેપ ઈન્ડેક્સ

વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF) દ્વારા આ ઈન્ડેક્સ પ્રથમ વખત વર્ષ 2006માં જાહેર કરવામાં આવ્યો હતો.

- વિવિધ ચાર પરિમાણોને આધારે આ ઈન્ડેક્સનું માપન કરવામાં આવે છે. જે નીચે મુજબ છે :

1. આર્થિક સહભાગીતા અને તક (Economic Participation and opportunity)
2. શૈક્ષણિક ઉપલબ્ધતા (Educational Attainment)
3. આરોગ્ય અને અસ્તિત્વ (Health and Survival) અને
4. રાજકીય સશક્તિકરણ (Political empowerment)

## વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF)

વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF)એ જાહેર ખાનગી સહકાર માટેની આંતરરાષ્ટ્રીય સંસ્થા છે.

- તેની સ્થાપના વર્ષ 1971માં બિન–લાભકારી ફાઉન્ડેશન તરીકે કરવામાં આવી હતી. તેમજ તેનું મુખ્યમથક સ્વિટ્ઝર્લેન્ડના જીનિવા ખાતે આવેલું છે.
- આ સંસ્થા સ્વતંત્ર, નિષ્પક્ષ અને કોઈ વિશેષ હિતો સાથે સંકળાયેલ નથી.
- વર્લ્ડ ઈકોનોમિક ફોરમ દ્વારા વિશ્વના અન્ય મોટાં અહેવાલો પણ પ્રસિદ્ધ કરવામાં આવે છે. જે નીચે મુજબ છે :

– એનર્જી ટ્રાન્ઝિશન ઈન્ડેક્સ
– ગ્લોબલ કોમ્પિટિટિવનેસ ઈન્ડેક્સ
– ગ્લોબલ આઈ.ટી. રિપોર્ટ
– ગ્લોબલ જેન્ડર ગેપ રિપોર્ટ
– ગ્લોબલ રિસ્ક રિપોર્ટ અને
– ગ્લોબલ ટ્રાવેલ એન્ડ ટૂરિઝમ રિપોર્ટ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પાવરગ્રીડ દ્વારા ઈ-ટેન્ડરિંગ માટે 'PRANIT' પોર્ટલની સ્થાપના

પાવરગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા, નામના કેન્દ્રીય PSU દ્વારા તાજેતરમાં 'PRANIT' નામના ઈ–ટેન્ડરિંગ પોર્ટલની સ્થાપના કરવામાં આવી છે.

- આ પોર્ટલની મદદથી કાગળ દ્વારા થતા કામને ઘટાડવામાં કામગીરીમાં સરળતા અને ટેન્ડર પ્રક્રિયામાં પારદર્શકતા વધારવામાં મદદ મળશે.
- આ પોર્ટલને કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેક્નોલોજી મંત્રાલય હેઠળ સ્ટાન્ડર્ડાઈઝેશન ટેસ્ટિંગ એન્ડ ક્વોલિટી સર્ટિફિકેશન ડિરેક્ટોરેટ (STQC) દ્વારા પ્રમાણિત કરવામાં આવેલ છે.

### પાવરગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (POWERGRID)

POWERGRID એ કેન્દ્રીય પબ્લિક સેક્ટર અંડર ટેકિંગ (PSU) છે અને તે એક મહારત્ન કંપની છે.

- તેની સ્થાપના 23 ઓકટોબર, 1989ના રોજ કરવામાં આવી હતી.
- આ કંપની કેન્દ્રીય વીજ મંત્રાલય અંતર્ગત કાર્યરત છે.
- તેનું વડુંમથક હરિયાણાના ગુરૂગ્રામ ખાતે આવેલું છે.
- આ કંપની મુખ્યત્વે વીજળીના વિતરણ સાથે રોકાયેલી છે.
- આ કંપની તેના ટ્રાન્સમિશન નેટવર્ક દ્વારા ભારત ભરમાં ઉત્પન્ન થતી કુલ વીજળીના લગભગ 50 ટકા વીજળીનું વિતરણ કરે છે.
- પાવરગ્રીડના વર્તમાન અધ્યક્ષ અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી કંદિકુપ્પા શ્રીકાંત છે.




1. તાજેતરમાં જાહેર કરવામાં આવેલા ગ્લોબલ જેન્ડર ગેપ ઈન્ડેક્સ 2021 અંતર્ગત ભારત કેટલામા ક્રમાંકે રહ્યું છે ?

(A) 140 (B) 141 (C) 142 (D) 143 **(A)**

2. ગ્લોબલ જેન્ડર ગેપ ઈન્ડેક્સ 2021 કઈ વૈશ્વિક સંસ્થા દ્વારા જાહેર કરવામાં આવ્યો છે ?

(A) યુનાઈટેડ નેશન્સ એન્વાયર્નમેન્ટ પ્રોગ્રામ (B) વર્લ્ડ ઈકોનોમિક ફોરમ

(C) વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (D) UNICEF **(B)**

3. ગ્લોબલ જેન્ડર ગેપ ઈન્ડેક્સ 2021 અંતર્ગત કુલ કેટલા દેશોને રેન્કિંગ્સ આપવામાં આવ્યા છે ?

(A) 180 (B) 176 (C) 156 (D) 166 **(C)**

4. ગ્લોબલ જેન્ડર ગેપ ઈન્ડેક્સ 2021 બાબતે નીચે આપેલા વિધાનોમાંથી સાચા વિધાનો જણાવો ?

1. આ ઈન્ડેક્સ અંતર્ગત ભારતે અત્યાર સુધીમાં 62.5 ટકા ઘટાડવામાં સફળતા મેળવી છે.
2. આ ઈન્ડેક્સ અંતર્ગત આઈસલેન્ડ રેકોર્ડ 12મી વખત ટોચના ક્રમાંકે રહ્યું છે.
3. અફઘાનિસ્તાન સૌથી છેલ્લા ક્રમાંકે એટલે કે 156મા ક્રમાંકે રહ્યું છે.
4. આ ઈન્ડેક્સ વિવિધ ચાર પરિમાણોને આધારે જાહેર કરવામાં આવ્યો છે.

(A) 1, 2, 3 (B) 2, 3, 4 (C) 1, 2, 4 (D) 1, 2, 3, 4 **(D)**

5. વર્લ્ડ ઈકોનોમિક ફોરમ (WEF)નું વડુંમથક કયાં આવેલું છે ?

(A) જીનિવા (B) પેરિસ (C) ન્યૂયોર્ક (D) લંડન **(A)**

6. 'PRANIT' નામના પોર્ટલની સ્થાપના તાજેતરમાં કઈ સંસ્થા દ્વારા કરવામાં આવી છે ?

(A) SAIL (B) BHEL (C) પાવરગ્રીડ (D) SAI **(C)**

7. 'PRANIT' નામના પોર્ટલની સ્થાપના પાવરગ્રીડ દ્વારા મુખ્યત્વે શેના માટે કરવામાં આવી છે ?

(A) ઈ–ટેન્ડરિંગ (B) ઈ–ઓકશન (C) ઈ–પ્રોક્યુર્મેન્ટ (D) એકપણ નહીં **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા, 2 એપ્રિલ (1) આંતરરાષ્ટ્રીય બાલ પુસ્તક દિન (International Children's Book Day) (2) World Autism Awareness Day

### World Autism Awareness Day

વર્લ્ડ ઓટીઝમ અવેરનેસ દિવસની ઉજવણી દર વર્ષે 2 એપ્રિલના રોજ કરવામાં આવે છે.

- Autism અથવા તો ઓટીઝમ સ્પેક્ટ્રમ ડીસઓર્ડર્સ એ માનવ શરીરની, માનવ મગજની એક સમસ્યા છે.
- આ ખામી ધરાવનાર વ્યક્તિને તે જે જુએ, સાંભળે તેને યોગ્ય રીતે સમજવામાં તકલીફ પડે છે.
- વર્ષ 2021ની 'વર્લ્ડ ઓટીઝમ અવેરનેસ દિવસ'ની થીમ 'Inclusion in the Workplace' છે.

## ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) વિધેયક, 2021 વિધાનસભામાં પસાર

તાજેતરમાં ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ, 2003માં કેટલાક સુધારા કરતું ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) વિધેયક, 2021 વિધાનસભાના બજેટ સત્ર દરમિયાન મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની અધ્યક્ષતામાં બહુમતીથી પસાર કરવામાં આવ્યું હતું.

### ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) વિધેયક, 2021ની મુખ્ય બાબતો

2021ના આ સુધારામાં 'લગ્ન' સંબંધિત બાબત પર ભાર મૂકવામાં આવ્યો છે.

- આ સુધારા અંતર્ગત રોકડ કે અન્ય ભેટ, લાભ કે સારી જીવનશૈલીની લાલચે લગ્ન કરી સ્ત્રીનું ધર્માંતરણ કરાવાય તો તેને ગુનો ગણવામાં આવશે.
- આ સુધારા અંતર્ગત ખોટી રજૂઆતો અથવા છેતરપિંડી ઉપરાંત ખોટા કામ, ખોટી અટક, ખોટા ધાર્મિક ચિહ્નો ધારણ કરી લગ્ન કરી ધર્માંતરણ કરાવવામાં આવે તેને 'કપટયુક્ત સાધનો' થી થયેલું ધર્માંતરણ ગણવામાં આવશે. અને એ ગુનો ગણાશે.
- આ સુધારામાં લગ્ન કરનાર, લગ્ન કરાવવામાં સક્ષમ બનાવનાર, સહાય કરનાર, સલાહ આપનાર કે આમ કરવા સંમત કરનાર દરેક વ્યક્તિને આરોપી ગણવામાં આવશે.
- આ સુધારા અંતર્ગત ધર્મપરિવર્તનના હેતુથી લગ્ન કરનાર, કરાવનાર તેમજ સલાહ આપનારોઓએ પુરવાર કરવાનું રહેશે કે તેમણે ગુનો આચર્યો નથી.
- નવા સુધારામાં ગુનેગાર માટે **ત્રણ વર્ષથી ઓછી નહીં પરંતુ પાંચ વર્ષ સુધીની જેલની સજા અને બે લાખથી ઓછો નહીં તેટલા દંડની જોગવાઈ** કરવામાં આવી છે. જ્યારે સગીર સાથેના ગુનામાં 7 વર્ષ સુધીની સજા અને રૂ. 3 લાખથી ઓછો નહિ તેટલા દંડની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત અનુસૂચિત જાતિ, જનજાતિની સ્ત્રી સાથેના ગુનામાં પણ 7 વર્ષ સુધીની કેદની સજાની અને રૂ. 3 લાખથી ઓછો નહિ તેટલા દંડની જોગવાઈ કરવામાં આવી છે.
- આવા લગ્ન કરાવનાર સંસ્થા અથવા સંગઠનોના સંચાલકો સામે 3 થી 10 વર્ષની સજા અને 5 લાખ રૂપિયાનો દંડ થશે.
- આ અંગેના ગુનાની તપાસ જિલ્લા પોલીસ વડા અને DYSP કરશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સુપ્રસિદ્ધ અભિનેતા શ્રી રજનીકાંતને દાદાસાહેબ ફાળકે પુરસ્કાર એનાયત

સુપરસ્ટાર અભિનેતા **શ્રી રજનીકાંત**ને **51મો દાદાસાહેબ ફાળકે અવોર્ડ** એનાયત કરવામાં આવશે.

- કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી શ્રી પ્રકાશ જાવડેકર દ્વારા ટ્વિટ કરીને આ જાહેરાત કરવામાં આવી હતી.
- ભારતના ફિલ્મ જગતમાં દાદા સાહેબ ફાળકે એવોર્ડને સર્વોચ્ચ સન્માન ગણવામાં આવે છે.
- મહાન અભિનેતા શ્રી રજનીકાંતને વર્ષ 2019ના દાદાસાહેબ ફાળકે એવોર્ડથી નવાજવામાં આવ્યા છે.

### આ એવોર્ડ માટે પસંદગી સમિતિના સભ્યો

દાદા સાહેબ ફાળકે એવોર્ડ 2019ના વિજેતા પસંદ કરવા માટેની સમિતિના સભ્યો નીચે મુજબ હતા :

- સુશ્રી આશા ભોંસલે
- શ્રી મોહનલાલ
- શ્રી વિશ્વજીત ચેટર્જી
- શ્રી શંકર મહાદેવન અને
- શ્રી સુભાષ ઘાઈ

### દાદા સાહેબ ફાળકે એવોર્ડ

દાદા સાહેબ ફાળકે પુરસ્કાર ભારતીય **સિનેમાનો સર્વોચ્ચ પુરસ્કાર** છે.

- **કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલય** દ્વારા સ્થાપિત એક સંસ્થા **ડિરેક્ટોરેટ ઓફ ફિલ્મ ફેસ્ટિવલ** દ્વારા દર વર્ષે રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ સમારોહમાં તે રજૂ કરવામાં આવે છે.
- ભારતીય **સિનેમાના વિકાસમાં આજીવન ઉત્કૃષ્ટ યોગદાન બદલ** આ પુરસ્કાર એનાયત કરવામાં આવે છે.
- ભારતીય ફિલ્મ ઉદ્યોગની જાણીતી હસ્તીઓની બનેલી સમિતિ દ્વારા પુરસ્કાર માટે યોગ્ય હોય તેવી વ્યક્તિની પસંદગી કરવામાં આવે છે.
- આ અંતર્ગત એક **સ્વર્ણ કમલ (ગોલ્ડન લોટસ) મેડલ, શાલ અને 10 લાખ રૂપિયા રોકડ** પુરસ્કાર સ્વરૂપે વિજેતા વ્યક્તિને આપવામાં આવે છે.
- ભારતીય સિનેમામાં શ્રી દાદાસાહેબ ફાળકેના યોગદાનને યાદ કરવા માટે સૌપ્રથમ વખત વર્ષ 1969માં આ પુરસ્કારની શરૂઆત કરવામાં આવી હતી.

**ICE FACTS :**

(1) **સૌપ્રથમ વખત** દાદાસહેબ ફાળકે પુરસ્કાર વર્ષ 1969માં **સુશ્રી દેવીકા રાનીને** આપવામાં આવ્યો હતો.

(2) વર્ષ 2018માં આ પુરસ્કાર **શ્રી અમિતાભ બચ્ચન**ને આપવામાં આવ્યો છે.

(3) શ્રી દાદાસાહેબ ફાળકે **'ફાધર ઓફ ઈન્ડિયન સિનેમા'** તરીકે સુપ્રસિદ્ધ છે.

## FRIDAY Questions

1. 'આંતરરાષ્ટ્રીય બાલ પુસ્તક દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 1 એપ્રિલ (B) 2 એપ્રિલ (C) 31 માર્ચ (D) 3 એપ્રિલ **(B)**

2. 'World Autism Awareness Day' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
   (A) 1 એપ્રિલ (B) 2 એપ્રિલ (C) 31 માર્ચ (D) 3 એપ્રિલ **(B)**

3. વર્ષ 2021ની 'વર્લ્ડ ઓટીઝમ અવેરનેસ દિવસ'ની થીમ જણાવો ?
   (A) Empowering Women and Girls with Autism
   (B) Assistive Technologies, Active Participation
   (C) The Transition to Adulthood
   (D) Inclusion in the Workplace **(D)**

4. તાજેતરમાં ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) વિધેયક, 2021 કયા અધિનિયમમાં સુધારા કરી વિધાનસભામાં પસાર કરવામાં આવ્યું છે ?
   (A) ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ, 2003 (B) ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ, 2005
   (C) ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ, 2007 (D) ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય અધિનિયમ, 2001 **(A)**

5. ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય (સુધારા) વિધેયક, 2021 અંતર્ગત કોઈ વ્યક્તિ ઉપર આરોપ પુરવાર થાય તો સજા અંગે શું જોગવાઈ કરવામાં આવી છે ?
   1. ત્રણ વર્ષથી ઓછી નહીં પરંતુ પાંચ વર્ષ સુધીની જેલની સજા
   2. બે લાખથી ઓછો નહીં તેટલા દંડની સજા
   (A) ફક્ત 1 (B) ફક્ત 2 (C) 1 અને 2 બંને (D) એકપણ નહીં **(C)**

6. તાજેતરમાં કયા ભારતીય ફિલ્મ અભિનેતાને દાદાસાહેબ ફાળકે પુરસ્કાર એનાયત કરવામાં આવશે, એ અંગેની જાહેરાત કરવામાં આવી છે ?
   (A) શ્રી કાદરખાન (B) શ્રી રજનીકાંત (C) શ્રી અનુપમ ખેર (D) શ્રી પરેશ રાવલ **(B)**

7. સુપરસ્ટાર અભિનેતા શ્રી રજનીકાંતને કેટલામો દાદાસાહેબ ફાળકે પુરસ્કાર એનાયત કરવામાં આવશે ?
   (A) 51 મો (B) 50 મો (C) 52 મો (D) 49 મો **(C)**

8. નીચે આપેલા વિધાનોમાંથી સાચાં વિધાનો પસંદ કરો ?
   1. મહાન અભિનેતા શ્રી રજનીકાંતને વર્ષ 2019ના દાદાસાહેબ ફાળકે એવોર્ડથી નવાજવામાં આવ્યા છે.
   2. દાદાસાહેબ ફાળકે પુરસ્કાર ભારતીય સિનેમાનો સર્વોચ્ચ પુરસ્કાર છે.
   3. સૌપ્રથમ વખત દાદાસાહેબ ફાળકે પુરસ્કાર વર્ષ 1969માં સુશ્રી દેવીકા રાનીને આપવામાં આવ્યો છે.
   4. વર્ષ 2018નો દાદાસાહેબ ફાળકે પુરસ્કાર શ્રી અમિતાભ બચ્ચનને આપવામાં આવ્યો હતો.
   (A) 1, 2, 3 (B) 1, 2, 3, 4 (C) 2, 3, 4 (D) 1, 2, 4 **(B)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ઈસરોએ ભારતમાં પ્રથમવાર ફ્રી સ્પેસ કવોન્ટમ કમ્યુનિકેશનનું પ્રદર્શન કર્યું

ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ISRO) એ તાજેતરમાં જાહેરાત કરી છે કે તેણે ભારતમાં **પ્રથમવાર 300 મીટરના અંતરેથી** ફ્રી સ્પેસ કવોન્ટમ કમ્યુનિકેશનનું પ્રદર્શન સફળતાપૂર્વક કર્યું છે.

- **અમદાવાદના સ્પેસ એપ્લિકેશન સેન્ટર (SAC)** ખાતે આવેલા ઈસરોના કેમ્પસમાં તેનું પ્રદર્શન હાથ ધરવામાં આવ્યું હતું.
- આ મહત્ત્વની ઉપલબ્ધિ મેળવવા માટે ઈસરોએ ઘણી સ્વદેશી રીતે વિકસિત ટેક્નોલોજીઓનો ઉપયોગ કર્યો છે.
- આ સ્પેસ કવોન્ટમ કમ્યુનિકેશનમાં ટ્રાન્સમીટર અને રિસીવર મોડ્યુલો વચ્ચે સમય સાથે સુમેળ સાધવા માટે સ્વદેશી રીતે વિકસિત **NAVIC રિસીવરનો** ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### પ્રદર્શન વિશે

ઈસરોના આ ફ્રી સ્પેસ કવોન્ટમ કમ્યુનિકેશન પ્રદર્શનમાં કવોન્ટમ–કી–એન્ક્રિપ્ટેડ સિગ્નલોનો ઉપયોગ કરીને લાઈવ વિડિયો કોન્ફરન્સિંગ કરવામાં આવ્યું હતું.

- કવોન્ટમ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને સુરક્ષિત સેટેલાઈટ ડેટા કમ્યુનિકેશન પ્રાપ્ત કરવા માટેનું આ એક અગત્યનું પગલું છે.

### કવોન્ટમ કી ડિસ્ટ્રીબ્યુશન (QKD) ટેક્નોલોજી

કવોન્ટમ કી ડિસ્ટ્રીબ્યુશન ટેક્નોલોજી અંતર્ગત કવોન્ટમ કમ્યુનિકેશન ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવે છે. જે ભૌતિક વિજ્ઞાનના નિયમોના આધારે કવોન્ટમ મિકેનિક્સના સિદ્ધાંતોનો ઉપયોગ કરીને બિનશરતી ડેટાની સુરક્ષાની ખાતરી આપે છે.

- આ ટેક્નોલોજીનો ઉપયોગ પરંપરાગત રીતે ઉપયોગમાં લેવામાં આવતી એન્ક્રિપ્શન સિસ્ટમમાં થઈ શકતો નથી.
- માહિતીના આદાન–પ્રદાન માટે ઉપયોગમાં લેવામાં આવતી પરંપરાગત ક્રિપ્ટોસિસ્ટમ ડેટા એન્ક્રિપ્શન માટે જટિલ ગાણિતીક નિયમો પર આધાર રાખે છે.

### NAVIC

વર્ષ 1999માં જમ્મુ અને કાશ્મીરમાં થયેલા કારગીલ યુદ્ધ દરમિયાન ભારતે GPS (Global Positioning System)ના અભાવે ઘણાં સૈનિકો ગુમાવ્યા હતા.

- આના અનુસંધાને ભારતમાં નેવીગેશન સંચાર સુલભ બનાવવા માટે ઈસરો દ્વારા **'ઈન્ડિયન રિજનલ નેવીગેશન સેટેલાઈટ સિસ્ટમ'** (IRNSS) વિકસાવવામાં આવી રહી છે.
- ભારતીય નાવિકોનું સન્માન કરવા માટે **વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ** આ સ્વદેશી ઉપગ્રહ નેવિગેશન પ્રણાલીને **'NAVIC'** નામ આપ્યું છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- NAVICનું પૂરું નામ **'Navigation with Indian Constellation'** છે.
- આ પ્રણાલીમાં **કુલ 7 ઉપગ્રહો**નો સમાવેશ કરવામાં આવ્યો છે. જે પૈકી 3 ઉપગ્રહો જીયો સ્ટેશનરી ઓર્બિટમાં જ્યારે 4 ઉપગ્રહો જીયો સિન્ક્રોન્સ ઓર્બિટમાં સ્થાપિત કરવામાં આવ્યા છે.
- IRNSS પ્રણાલીની મદદથી સમગ્ર ભારત ઉપરાંત ભારતની સીમાથી 1,500 કિલોમીટર સુધીના ક્ષેત્રમાં રહેલા વ્યક્તિને નૌવહન સેવાનો લાભ આપવાનો લક્ષ્યાંક છે.
- આ IRNSS પ્રણાલી દ્વારા **30° દક્ષિણ અક્ષાંશથી 50° ઉત્તર અક્ષાંશ** તેમજ **30° પૂર્વ રેખાંશથી 130° પૂર્વ રેખાંશ** વચ્ચેના વિસ્તારોમાં નૌવહન સેવાનો લાભ મળશે.
- NAVIC પ્રણાલી **S તથા L બેન્ડ ટ્રાન્સપોન્ડર્સનો** ઉપયોગ કરે છે. જ્યારે **GPS માત્ર L બેન્ડ ટ્રાન્સપોન્ડર્સ**નો ઉપયોગ કરે છે.
- **આંતરરાષ્ટ્રીય સામુદ્રિક સંગઠન (IMO)** દ્વારા માન્યતા પ્રાપ્ત કરનાર NAVIC વિશ્વની ચોથી પ્રણાલી બની છે.
- આ અગાઉ, GPS, ગ્લોનાસ અને બિદાઉ પ્રણાલીને આ માન્યતા મળેલી છે.

## આંધ્રપ્રદેશ ભારતનું પ્રથમ સરકાર સંચાલિત એનિમલ એમ્બ્યુલન્સ નેટવર્ક શરૂ કરશે

આંધ્રપ્રદેશ રાજ્ય સરકારે તાજેતરમાં પ્રાણીઓ માટે **'ભારતનું પ્રથમ સરકાર સંચાલિત એમ્બ્યુલન્સ નેટવર્ક'** શરૂ કરવાનો નિર્ણય કર્યો છે.

- આંધ્રપ્રદેશ રાજ્યમાં પશુપાલન અને પશુચિકિત્સા ક્ષેત્રને વધુ વેગ આપવા માટે આ નિર્ણય કરવામાં આવ્યો છે.
- આંધ્રપ્રદેશના મુખ્યપ્રધાન શ્રી વાય.એસ. જગનમોહન રેડ્ડીએ આ એમ્બ્યુલન્સ નેટવર્કને રાજ્યના મુખ્ય મિશનો પૈકીનું એક બતાવ્યું છે જેથી પીડિત પ્રાણીઓને યોગ્ય સારવાર પ્રદાન કરી શકાય.
- આંધ્રપ્રદેશ રાજ્યના પશુપાલન વિભાગ દ્વારા પ્રત્યેક વિધાનસભા ક્ષેત્રમાં એક મોબાઈલ એમ્બ્યુલન્સ પશુ ચિકિત્સા કિલનિક સ્થાપવા માટેનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### એનિમલ એમ્બ્યુલન્સ નેટવર્ક

એનિમલ એમ્બ્યુલન્સ નેટવર્ક હેઠળ, રાજ્યના વિવિધ વિધાનસભા ક્ષેત્રોમાં કુલ 175 મોબાઈલ એમ્બ્યુલન્સ (પશુ ચિકિત્સક)ની શરૂઆત કરવામાં આવશે.

- આ મોબાઈલ એમ્બ્યુલન્સની મદદથી કટોકટીના કેસમાં પશુઓને સ્થળ પર જ પ્રાથમિક સારવાર આપવામાં આવશે.
- આની સાથે સાથે પ્રાણીઓને ઊંચકવા અને કટોકટીના કેસોમાં નજીકની સરકારી પશુ ચિકિત્સા સુવિધામાં શિફ્ટ કરવા માટે 'હાઈડ્રોલિક લિફ્ટ સુવિધા' પણ પ્રદાન કરવામાં આવશે.
- આ એમ્બ્યુલન્સમાં એક પશુચિકિત્સક ડોકટર અને એક પેરા–વેટરનરી કાર્યકર પણ હાજર રહેશે.

1. નીચે આપેલા વિધાનોમાંથી સાચાં વિધાનો જણાવો ?

   1. ISRO એ તાજેતરમાં ભારતમાં પ્રથમવાર 300 મીટરના અંતરેથી ફ્રી સ્પેસ ક્વોન્ટમ કમ્યુનિકેશનનું પ્રદર્શન સફળતાપૂર્વક કર્યું છે.
   2. અમદાવાદના સ્પેસ એપ્લિકેશન સેન્ટર (SAC) ખાતે આવેલા ઈસરોના કેમ્પસમાં ફ્રી સ્પેસ ક્વોન્ટમ કમ્યુનિકેશનનું પ્રદર્શન સફળતાપૂર્વક કરવામાં આવ્યું છે.
   3. આ સ્પેસ ક્વોન્ટમ કમ્યુનિકેશનમાં ટ્રાન્સમીટર અને રિસીવર મોડ્યુલો વચ્ચે સમય સાથે સુમેળ સાધવા માટે સ્વદેશી રીતે વિકસિત NAVIC રિસીવરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.
   4. ક્વોન્ટમ કી ડિસ્ટ્રીબ્યુશન ટેક્નોલોજી ક્વોન્ટમ કમ્યુનિકેશન ટેક્નોલોજીનો ઉપયોગ કરે છે.

   (A) 1, 2, 3, 4 (B) 1, 2, 3 (C) 1, 2, 4 (D) 2, 3, 4 **(A)**

2. 'NAVIC' ના સંદર્ભમાં નીચે આપેલા વિધાનો પર વિચાર કરો અને સાચાં વિધાનો જણાવો ?

   1. ભારતીય નાવિકોનું સન્માન કરવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્વદેશી ઉપગ્રહ નેવિગેશન પ્રણાલીને 'NAVIC' નામ આપ્યું છે.
   2. NAVICનું પૂરું નામ ' Navigation with Indian Constellation' છે.
   3. આ IRNSS પ્રણાલી દ્વારા 30° દક્ષિણ અક્ષાંશથી 50° ઉત્તર અક્ષાંશ તેમજ 30° પૂર્વ રેખાંશથી 130° પૂર્વ રેખાંશ વચ્ચેના વિસ્તારોમાં નૌવહન સેવાનો લાભ મળશે.
   4. નાવિક પ્રણાલી S તથા L બેન્ડ ટ્રાન્સપોન્ડર્સનો ઉપયોગ કરે છે.

   (A) 2, 3, 4 (B) 1, 2, 4 (C) 1, 2, 3 (D) 1, 2, 3, 4 **(D)**

3. આંતરરાષ્ટ્રીય સામુદ્રિક સંગઠન (IMO) દ્વારા માન્યતા પ્રાપ્ત કરનાર NAVIC એ વિશ્વની કેટલામી પ્રણાલી છે ?

   (A) પ્રથમ (B) બીજી (C) ત્રીજી (D) ચોથી **(D)**

4. ભારતનું પ્રથમ સરકાર સંચાલિત એનિમલ એમ્બ્યુલન્સ નેટવર્ક કયા રાજ્ય દ્વારા શરૂ કરવામાં આવશે ?

   (A) હરિયાણા (B) પંજાબ (C) આંધ્રપ્રદેશ (D) તેલંગાણા **(C)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ગુજરાત

➤ **વર્લ્ડ બેંક દ્વારા ગુજરાત સરકારના શિક્ષણ વિભાગને ગુજરાત આઉટકમ્સ ફોર એક્સેલરેટેડ લર્નિંગ (GOAL) માટે રૂા. 3,600 કરોડની સહાય**

ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગના **ગુજરાત આઉટકમ્સ ફોર એક્સેલરેટેડ લર્નિંગ (GOAL)** પ્રોજેક્ટ માટે રૂ. 3,600 કરોડની ફાળવણી પર વર્લ્ડ બેંક દ્વારા મંજૂરી આપવામાં આવી છે. આ ફાળવણીના પગલે રાજ્યની 15,000 જેટલી પ્રાથમિક સ્કૂલને સ્કૂલ ઓફ એક્સલન્સ તરીકે વિકસાવવામાં આવશે. જ્યારે 40,000 જેટલી સ્કૂલો વધુ સક્ષમ બનશે. આ પ્રોજેક્ટ અંતર્ગત રાજ્યના એક કરોડ કરતા વધુ બાળકોને આગામી પાંચથી છ વર્ષમાં તેનો ફાયદો મળશે.

➤ **'નલ સે જલ' યોજના અંતર્ગત ગુજરાતને 100 કરોડની વિશેષ ગ્રાન્ટ**

કેન્દ્ર સરકારની ફ્લેગશિપ યોજના 'નલ સે જલ'માં ઉત્કૃષ્ટ કામગીરી કરનારા ગુજરાત સહિત 7 રાજ્યો વચ્ચે રૂ. 465 કરોડનું વિશેષ અનુદાન ફાળવવાની કેન્દ્રીય જલશકિત મંત્રાલયે જાહેરાત કરી છે, જેમાં એકલા ગુજરાતને રૂ. 100 કરોડ ફાળવાયા છે. 'નલ સે જલ' યોજના અંતર્ગત કેન્દ્ર સરકારે વર્ષ **2024** સુધીમાં દેશના **તમામ ઘરોમાં પાઈપલાઈન દ્વારા નળજોડાણ આપવાનું લક્ષ્યાંક** નિર્ધારિત કર્યું છે. જ્યારે ગુજરાત સરકારે **વર્ષ 2022 સુધીમાં તમામ ઘરોને નળના જોડાણો આપવાનો લક્ષ્યાંક** નિર્ધારિત કર્યો છે.

➤ **ગુજરાતમાં 1800 ઓટોમેટિક વેધર સ્ટેશનની સ્થાપના કરાશે**

ગુજરાત રાજ્યના ખેડૂતોને હવામાન એડવાઈઝરી પૂરી પાડી તે થકી પાક–વાવણી, રોગ–જીવાત નિયંત્રણ, પિયત વ્યવસ્થાપન જેવી ખેતીની કામગીરી સમયસર વધુ કાર્યક્ષમતાથી કરી શકાય તે માટે રાજ્યમાં 1800 ઓટોમેટિક વેધર સ્ટેશનની સ્થાપના કરવામાં આવશે. આ માટે હવામાનના ડેટા મેળવવા માટે રૂ. 11.96 કરોડની જોગવાઈ ગુજરાત રાજ્યના બજેટમાં કરવામાં આવી છે.

➤ **ગુજરાતના સુરત અને કેન્દ્રશાસિત પ્રદેશ દિવ વચ્ચે ક્રુઝ સર્વિસનો શુભારંભ**

31 માર્ચ, 2021ના રોજ પોર્ટસ, શિપિંગ અને જળમાર્ગના રાજ્યકક્ષાના મંત્રી **શ્રી મનસુખભાઈ માંડવિયા**ના હસ્તે સુરત અને દિવ વચ્ચે ક્રુઝ સર્વિસનો શુભારંભ કરાવવામાં આવ્યો હતો. આ ક્રુઝ સર્વિસનો શુભારંભ મંત્રી શ્રી દ્વારા **સુરતના હજીરા બંદર** ખાતેથી કરાવવામાં આવ્યો હતો.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત

➤ **ભારત દ્વારા IBSAની મહિલા મંચની છઠ્ઠી બેઠકનું આયોજન**

ભારત દ્વારા તાજેતરમાં છઠ્ઠી ભારત–બ્રાઝિલ–દક્ષિણ આફ્રિકા (IBSA)ની મહિલા મંચની બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકનું નેતૃત્ત્વ કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા કરવામાં આવ્યું હતું. મહિલાઓના જીવનમાં પરિવર્તન લાવવામાં ફાળો આપતા મુદ્દાઓ પર આ બેઠક દરમિયાન ચર્ચાઓ થઈ હતી.

➤ **ભારત દ્વારા માલદીવમાં પાણી પુરવઠા અને ગટર નેટવર્ક વિકસાવવા માટેના કરાર પર હસ્તાક્ષર**

માલદીવના 34 ટાપુઓ પર પાણી પુરવઠા અને ગટર નેટવર્ક વિકસાવવા માટેના કરારો પર તાજેતરમાં ભારત દ્વારા હસ્તાક્ષરો કરવામાં આવ્યા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

➤ **યુનેસ્કોનું જળ સંરક્ષણ કાર્યક્રમ માટે USO ઈન્ડિયા સાથે જોડાણ**

યુનાઈટેડ નેશન્સ એજ્યુકેશનલ, સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશને (UNESCO) વિદ્યાર્થીઓ માટેના જળ સંરક્ષણ જાગૃત્તિ કાર્યક્રમ માટે USO ઈન્ડિયા અને ટૂન્ઝ મીડિયા ગ્રૂપ સાથે જોડાણ કર્યું છે. USO ઈન્ડિયા એટલે યુનાઈટેડ સ્કૂલ્સ ઓર્ગેનાઈઝેશન ઈન્ડિયા.

➤ **ઈન્ડિયન નેવલ લેન્ડિંગ ક્રાફ્ટ યુટિલિટી L58 પોર્ટ બ્લેર ખાતે સેવારત**

ઈન્ડિયન નેવલ લેન્ડિંગ ક્રાફ્ટ યુટિલિટી (LCU) L58ને તાજેતરમાં આંદામાન અને નિકોબાર ટાપુઓની રાજધાની પોર્ટ બ્લેર ખાતે સેવારત કરવામાં આવ્યું છે. L58એ લેન્ડિંગ ક્રાફ્ટ યુટિલિટીની માર્ક IV શ્રેણીનું આઠમું અને છેલ્લું શિપ છે. તેને કોલકાત્તા ખાતે આવેલ ગાર્ડન રીચ શિપબિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ લિમિટેડ (GRSE) દ્વારા સ્વદેશી રીતે ડિઝાઈન અને મેન્યુફેક્ચર કરવામાં આવ્યું છે.

➤ **ઈસરો દ્વારા દેશની 3 NIT ખાતે સ્પેસ ટેક્નોલોજી ઈન્ક્યુબેશન સેન્ટર્સનું ઉદ્દઘાટન**

ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ISRO)ના અધ્યક્ષ શ્રી કે. શિવન દ્વારા દેશની ત્રણ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી જેવી કે નાગપુર, ભોપાલ અને રાઉરકેલા ખાતે સ્પેસ ટેક્નોલોજી ઈન્ક્યુબેશન સેન્ટર્સ (S-TIC)નું ઉદ્દઘાટન કરવામાં આવ્યું છે.

## વિશ્વ

➤ **પાકિસ્તાન દ્વારા પરમાણુ હુમલો કરવા સક્ષમ શાહિન -1A મિસાઈલનું સફળતાપૂર્વક પરીક્ષણ**

પાકિસ્તાન દ્વારા તાજેતરમાં પરમાણુ હથિયારો લઈ જવામાં સક્ષમ અને **જમીનથી જમીન પર હુમલો** કરી શકનારી બેલેસ્ટિક મિસાઈલ શાહીન વન–એનું સફળતાપૂર્વક પરીક્ષણ હાથ ધરવામાં આવ્યું છે. આ મિસાઈલ **900 કિલોમીટર** સુધીના લક્ષ્યને સફળતાપૂર્વક લક્ષ્યાંક બનાવી શકે છે. શાહીન વન–એ તેની લેટેસ્ટ ગાઈડલાઈન્સ સિસ્ટમના કારણે ખૂબ જ પરફેક્ટ મિસાઈલ સિસ્ટમ છે.

➤ **ભારત-અમેરિકા દ્વારા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ પહેલની શરૂઆત**

તાજેતરમાં ભારતના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે ઈન્ડો–યુ.એસ. સાયન્સ એન્ડ ટેક્નોલોજી ફોરમ (IUSSTF) દ્વારા 'યુએસ–ઈન્ડિયા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ઈનિશિયટીવ'ની શરૂઆત કરવામાં આવી છે. આ પહેલ બંને દેશો માટે વિકાસમાં અગ્રતા ધરાવતા મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સહયોગ પર ધ્યાન કેન્દ્રીત કરશે.

➤ **યુરોપિયન યુનિયન ભારતના CDRI ઈનિશિયેટીવમાં જોડાયું**

યુરોપિયન યુનિયન (EU) કે જેમાં 27 સભ્યોનો સમાવેશ થાય છે તે ભારતની **'Coalition for Disaster Resilient Infrastructure (CDRI)' Initiative**માં જોડાયું છે. યુરોપિયન યુનિયન CDRIના ચાર્ટરના સમર્થન પછી આ પહેલમાં જોડાયું છે. CDRIએ વિવિધ દેશો, યુનાઈટેડ નેશન્સની એજન્સીઓ, ખાનગી ક્ષેત્રો, બહુપક્ષીય વિકાસ બેંકો અને શૈક્ષણિક સંસ્થાઓનું આંતરરાષ્ટ્રીય જોડાણ છે. આ પહેલનો હેતુ આપત્તિ–સ્થિતિસ્થાપક માળખાને પ્રોત્સાહન આપવાનો છે. CDRI પહેલની શરૂઆત વર્ષ 2019માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરવામાં આવી હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

- ગુજરાત રાજ્યના શિક્ષણ વિભાગના ગુજરાત આઉટકમ્સ ફોર એક્સેલરેટેડ લર્નિંગ (GOAL) પ્રોજેક્ટ માટે રૂ. 3,600 કરોડની ફાળવણી પર કઈ વૈશ્વિક સંસ્થા દ્વારા તાજેતરમાં મંજૂરી આપવામાં આવી છે ?
  – વિશ્વ બેંક
- 'નલ સે જલ' યોજના અંતર્ગત તાજેતરમાં ગુજરાતને કેટલા રૂપિયાની વિશેષ ગ્રાન્ટ આપવાની કેન્દ્ર સરકાર દ્વારા જાહેરાત કરવામાં આવી છે ? – 100 કરોડ રૂપિયા
- ગુજરાત રાજ્ય સરકાર દ્વારા કયા વર્ષ સુધીમાં રાજ્યના તમામ ઘરોને નળના જોડાણો આપવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે ? – વર્ષ 2022 સુધીમાં
- ગુજરાતમાં કુલ કેટલા ઓટોમેટિક વેધર સ્ટેશનની સ્થાપના કરવામાં આવશે ? – 1,800
- તાજેતરમાં પોર્ટસ, શિપિંગ અને જળમાર્ગના રાજ્યકક્ષાના મંત્રી શ્રી મનસુખભાઈ માંડવિયાના હસ્તે સુરત અને દિવ વચ્ચે ક્રુઝ સર્વિસનો શુભારંભ કરાવવામાં આવ્યો હતો, આ ક્રુઝ સર્વિસનો શુભારંભ મંત્રી શ્રી દ્વારા ગુજરાતના કયા બંદર ખાતેથી કરાવવામાં આવ્યો હતો ? – સુરતના હજીરા બંદર ખાતેથી
- ભારત–બ્રાઝિલ–દક્ષિણ આફ્રિકા (IBSA)ની મહિલામંચની છઠ્ઠી બેઠકનું આયોજન તાજેતરમાં કયા દેશ દ્વારા કરવામાં આવ્યું હતું ? – ભારત
- માલદીવના કેટલા ટાપુઓ પર પાણી પુરવઠા અને ગટર નેટવર્ક વિકસાવવા માટેના કરારો પર તાજેતરમાં ભારત દ્વારા હસ્તાક્ષરો કરવામાં આવ્યા છે ? – 34 ટાપુઓ
- વિદ્યાર્થીઓમાં જળ સંરક્ષણ જાગૃતિ કાર્યક્રમો વધારવા માટે યુનેસ્કોએ તાજેતરમાં કોની સાથે જોડાણ કર્યું છે ?
  – યુનાઈટેડ સ્કૂલ્સ ઓર્ગેનાઈઝેશન ઈન્ડિયા
- ઈન્ડિયન નેવલ લેન્ડિંગ ક્રાફ્ટ યુટિલિટી L58 તાજેતરમાં કયા સેવારત કરવામાં આવ્યું છે ? – પોર્ટ બ્લેર
- ઈન્ડિયન નેવલ લેન્ડિંગ ક્રાફ્ટ યુટિલિટી L58નું મેન્યુફેક્ચરિંગ કયાં કરવામાં આવ્યું છે ?
  – કોલકાત્તા ખાતે આવેલ ગાર્ડન રીચ શિપ બિલ્ડર્સ એન્ડ એન્જિનિયર્સ લિમિટેડ (GRSE) ખાતે
- તાજેતરમાં ઈસરો દ્વારા દેશની કેટલી NITમાં સ્પેસ ટેકનોલોજી ઈન્ક્યુબેશન સેન્ટર્સનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે ? – 3 NIT

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ICE Questions

- તાજેતરમાં ઈસરો દ્વારા દેશની કઈ 3 NIT ખાતે સ્પેસ ટેકનોલોજી ઈન્ક્યુબેશન સેન્ટર્સનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું છે ? – નાગપુર, ભોપાલ અને રાઉરકેલા
- પાકિસ્તાન દ્વારા પરમાણુહુમલો કરવા સક્ષમ શાહિન-1 A મિસાઈલનું સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું છે, આ મિસાઈલ કેટલા કિલોમીટર સુધીના લક્ષ્યને સફળતાપૂર્વક લક્ષ્યાંક બનાવી શકે છે ? – 900 કિલોમીટર
- તાજેતરમાં ભારત દ્વારા કયા દેશ સાથે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની પહેલની શરૂઆત કરવામાં આવી છે ? – અમેરિકા
- તાજેતરમાં યુરોપિયન યુનિયન ભારતની કઈ ઈનિશિયેટીવમાં જોડાયું છે ? – Coalition for Disaster Resilient Infrastructure (CDRI)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# ICE દ્વારા ONLINE UPLOAD કરવામાં આવતું DAILY & WEEKLY FREE MATERIALS

www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

| | |
|---|---|
| દિવસ મહિમા | 7:00 AM |
| GPSC MAINS Q & A | 11:00 AM |
| VOCAB | 01:00 PM |
| GPSC SPECIAL ARTICLE | 07:00 PM |
| ICE DAILY DOSE | 08:00 PM |
| ICE MAGIC | EVERY MONDAY |

# Question Of this Week

1. 'સ્ટોપ ટી. બી. પાર્ટનરશિપ બોર્ડ'ના અધ્યક્ષ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?

– ડો. હર્ષવર્ધન

(ડો. હર્ષવર્ધન જુલાઈ 2021થી ત્રણ વર્ષના સમયગાળા માટે આ વૈશ્વિક સંસ્થામાં અધ્યક્ષ તરીકે સેવા આપશે. સ્ટોપ ટી. બી. પાર્ટનરશિપ બોર્ડએ વિવિધ દેશોને ટી. બી. સામે. લડવા માટે મદદ કરતી આંતરરાષ્ટ્રીય સંસ્થા છે. તેની સ્થાપના વર્ષ 2000માં કરવામાં આવી હતી. તેનું મુખ્યમથક સ્વિટ્ઝર્લેન્ડના જીનિવા ખાતે આવેલું છે.)

2. તાજેતરમાં કયા રાજ્ય દ્વારા વિરોધ કરનારાઓ દ્વારા નુકશાન પહોંચાડવામાં આવેલ જાહેર સંપત્તિના વળતર પેટે તેઓની પાસેથી વસૂલાત કરવા અંગે બિલ પસાર કરવામાં આવ્યું છે ? – હરિયાણા

(ઉત્તરપ્રદેશએ ભારતનું પ્રથમ રાજ્ય હતું કે જેણે સૌપ્રથમ વખત આવું બિલ પસાર કર્યું હતું.)

3. 'અફઘાન પીસ મીટ'નું આયોજન તાજેતરમાં કયા દેશ દ્વારા કરવામાં આવ્યું હતું ? – રશિયા

(આ બેઠકનું આયોજન અફઘાનિસ્તાન સરકારના પ્રતિનિધિઓ અને તાલિબાનના વિરોધીઓને સાથે રાખવા માટે કરવામાં આવ્યું હતું.)

4. તાજેતરમાં 'મુખ્યમંત્રી ચિરંજિવી યોજના' નામની યુનિવર્સલ હેલ્થ સ્કિમ કયા રાજ્ય દ્વારા લોન્ચ કરવામાં આવી છે ?

– રાજસ્થાન

5. તાજેતરમાં કયા દેશ દ્વારા ઈચ્છામૃત્યુને કાયદેસર બનાવતો કાયદો પસાર કરવામાં આવ્યો છે ? – સ્પેન

6. ICC વુમેન્સ વર્લ્ડ કપ 2022 માટે કયું સત્તાવાર ગીત તાજેતરમાં જાહેર કરવામાં આવ્યું છે ? – ગર્લ ગેન્ગ

('ગર્લગેન્ગ' નામનું ગીત ન્યૂઝીલેન્ડના ગાયિકા સુશ્રી ગિન વિગ્મોર દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે. ICC વુમેન્સ વર્લ્ડ કપ 2022નું આયોજન ન્યૂઝીલેન્ડ ખાતે કરવામાં આવનાર છે.)

7. હિમાલયના ગ્લેશિયરોની જાડાઈનો અંદાજ કાઢવા માટે ભારત દ્વારા રડાર સર્વેક્ષણ કરવાની યોજના બનાવવામાં આવી છે, આ પ્રોજેક્ટ અંતર્ગત હિમાલયના કયા સ્થળનો અભ્યાસ હાથ ધરવામાં આવશે ?

– હિમાચલ પ્રદેશના લાહૌલ–સ્પિતી બેસિનનો

(આ અભ્યાસ માટેનો પ્રસ્તાવ કેન્દ્રીય પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય અંતર્ગતના 'નેશનલ સેન્ટર ફોર પોલર એન્ડ ઓશન રિસર્ચ (NCPOR) દ્વારા કરવામાં આવ્યો હતો. NCPORએ ગોવાના વાસ્કો દ ગામા ખાતે આવેલું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

8. તાજેતરમાં ભારતે કયા દેશ સાથે પેટન્ટ વેરિફિકેશનમાં સહયોગ અંગે સહમતી સાધી છે ? – જાપાન

9. તાજેતરમાં કયા રાજ્યમાં કુપોષણ અને એનિમિયા નાબૂદ કરવા માટે 'SAAMAR' અભિયાનની શરૂઆત કરવામાં આવી છે ? – ઝારખંડ

(SAAMARનું પૂરું નામ 'Strategic Action for Alleviation of malnutrition and Anaemia Reduction' છે. SAAMAR અભિયાન ઝારખંડ રાજ્યમાં 1000 દિવસના લક્ષ્યાંક સાથે શરૂ કરવામાં આવ્યું છે.)

10. તાજેતરમાં સુએજ કેનાલમાં તાઈવાનનું કયું જહાજ ફસાઈ ગયું હતું ? – એવર ગિવન

11. એનર્જી સ્વરાજ યાત્રા બસ કોના દ્વારા વિકસાવવામાં આવેલી છે ?– IIT બોમ્બેના પ્રોફેસર ડો. ચેતન સિંઘ સોલંકી દ્વારા

(એનર્જી સ્વરાજ યાત્રા બસ સૌરઊર્જા દ્વારા સંચાલિત થાય છે. એનર્જી સ્વરાજ બસની યાત્રા સૌરઊર્જાના વપરાશ અંગે જાગરૂકતા વધારવા માટે વર્ષ 2030 સુધી ચાલુ રહેશે. આ બસમાં 3.2 KWની સોલાર પેનલો લગાડવામાં આવી છે.)

12. વિદેશ મંત્રાલયના નવા પ્રવકતા તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ? – શ્રી અરિંદમ બાગ્ચિ

13. સિંધુ નદીના પાણીના અધિકાર અંગેની 'પર્મેનન્ટ ઈન્ડસ કમિશન' અંગેની પ્રથમ બેઠકનું આયોજન તાજેતરમાં કયા કરવામાં આવ્યું હતું ? – નવી દિલ્હી ખાતે

(સિંધુ નદી જળ સંધિ 1960 અંતર્ગત આ પર્મેનન્ટ ઈન્ડસ કમિશનની રચના કરવામાં આવી છે. સિંધુ નદી જળ સંધિ પાકિસ્તાનના કરાચી ખાતે કરવામાં આવી હતી. તેમજ આ સંધિ માટે વિશ્વ બેંક દ્વારા મધ્યસ્થતા કરવામાં આવી હતી.)

14. તાજેતરમાં કેટલામા 'બિહાર દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી ? – 109

(બિહાર દિવસની ઉજવણી દર વર્ષે 22 માર્ચના રોજ કરવામાં આવે છે. વર્ષ 1912માં બ્રિટિશ સરકાર દ્વારા બંગાળમાંથી અલગ બિહારની રચના કરવામાં આવી હતી.)

15. તાજેતરમાં કેન્દ્ર સરકારે ભારતમાં SARS-COV-2ના જિનોમિક સર્વેલન્સ માટે શેની સ્થાપના કરી છે ?

– ઈન્ડિયન SARS-COV-2 જિનોમિકસ કન્સોર્ટિયમ (INSACOG)

(INSACOG અંતર્ગત 10 રિજનલ જિનોમ સિકવન્સિંગ લેબોરેટરીઓનો સમાવેશ થાય છે.)

16. તાજેતરમાં તાન્ઝાનિયાના રાષ્ટ્રપ્રમુખનું નિધન થયું છે, તેઓનું નામ જણાવો ? – શ્રી જોન માગુફુલી

17. તાજેતરમાં ટ્વિટર પર પાઈનેપલ મૂવમેન્ટ કોના દ્વારા શરૂ કરવામાં આવી હતી ?

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

– તાઈવાનના વિદેશમંત્રી શ્રી જોસેફ વુ દ્વારા

(તાઈવાનથી ચીનમાં નિકાસ થતા અનાનસ પર તાજેતરમાં ચીન દ્વારા પ્રતિબંધ લગાવવામાં આવ્યો હતો જેનો વિરોધ કરવા આ મૂવમેન્ટ શરૂ કરવામાં આવી હતી.)

18. ‘મુઝારા’ શબ્દનો અર્થ શું થાય છે ? – ભૂમિહીન ખેડૂતો

19. તાજેતરમાં ‘જલશક્તિ અભિયાન : કેચ ધ રેન કેમ્પેઈન’ની શરૂઆત કોના દ્વારા કરવામાં આવી હતી ?

– વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા

(આ કેમ્પેઈનનું આયોજન 'Catch the rain, where it falls, when it falls'ની થીમ અંતર્ગત કરવામાં આવ્યું હતું.)

20. તાજેતરમાં સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI)ના પ્રથમ ચેરમેનનું નિધન થયું છે, તેઓનું નામ જણાવો ? – શ્રી જી. વી. રામક્રિષ્ના

21. ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા સુજલામ સુફલામ જળ અભિયાનના ચોથા તબક્કાનો રાજ્યવ્યાપી પ્રારંભ તાજેતરમાં ક્યાંથી કરાવવામાં આવ્યો હતો ? – પાટણના વડાવલીથી

22. તાજેતરમાં ગુજરાતના કયા યાત્રાધામ ખાતે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રોપ–વેની મંજૂરી આપી છે ?

– ચોટીલા

23. કોમનવેલ્થ આન્ત્રપ્રિન્યોર્સ એસોસિએશનના પ્રમુખ તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?

– શ્રી ચિરંજીવ પટેલ

24. તુલીપ ગાર્ડન ભારતમાં કયા આવેલો છે ? – જમ્મુ–કાશ્મીરમાં

25. વર્ષ 2020-21 દરમિયાન દેશમાં પ્રતિદિન કેટલા કિલોમીટરની ઝડપે રાષ્ટ્રીય ધોરીમાર્ગોનું નિર્માણ થઈ રહયું હતું ?

– 37 કિલોમીટર

26. સ્વિટ્ઝર્લેન્ડ કયા ખેલાડીના જન્મદિવસને રાષ્ટ્રીય દિવસ તરીકે ઉજવશે ? – ટેનિસ ખેલાડી શ્રી રોજર ફેડરર

27. દેશમાં કઈ સંસ્થા હવેથી રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને વિવિધ જિલ્લાઓના ‘એન્યુઅલ એક્સપોર્ટ રેન્કિંગ ઈન્ડેક્સ’ તૈયાર કરવામાં મદદ કરશે ? – ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ (DGFT)

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT